અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


23 FEBRUARY-2026 MONDAY | Vol. : 17 | Issue : 232 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ


» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3



પૂર્વ સેના પ્રમુખોના પુસ્તક લખવા પર પ્રતિબંધ નહીં મુકાય : રાજનાથ સિંહ

4



એઆઈને પણ માણસોમાં જાતીગત ભેદભાવ કરતા આવડી ગયું!

6



રોહિત શર્મા પત્ની રિતિકા સાથે પહોંચ્યો શિખર ધવનના લગ્નમાં, વિરાટ કોહલીએ આપી શુભેચ્છા

7



આ અઠવાડિયે બજાર માટે 3 મોટા ટ્રિગર: GDP ડેટા અને ટ્રમ્પ ટેરિફ પર નજર, નિફ્ટી માટે 25,900નું લેવલ પાર કરવું જરૂરી

## 'કોંગ્રેસી પહેલાથી નગ્ન, તો પછી કપડાં ઉતારવાની જરૂર કેમ પડી': કોંગ્રેસના શર્ટલેસ પ્રોટેસ્ટ પર મોદીનો પ્રહાર

### 'PM બનવું હોય તો લોકોના દિલ જીતો', મેરઠમાં રેપિડ-મેટ્રો રેલનું ઉદ્ઘાટન

**મેરઠ, તા.22**

PM નરેન્દ્ર મોદીએ મેરઠ મેટ્રો અને નમો ભારત રેપિડ રેલને લીલી ઝંડી આપી હતી. તેમણે મેટ્રોમાં મુસાફરી કરી અને સ્કૂલના બાળકો અને ડોકટરો સાથે વાતચીત કરી. મોદીએ 12,930 કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું અને મોહિઉદ્દીનપુરમાં એક જાહેર સભાને સંબોધી હતી.



જાહેર સભામાં સંબોધન કરતા મોદીએ AI સમિટમાં કોંગ્રેસ પાર્ટીના પ્રદર્શનની આકરી ટીકા કરી. મોદીએ કહ્યું- વિશ્વની સૌથી મોટી AI કોન્ફરન્સ ભારતમાં યોજાઈ હતી. આખો દેશ ગર્વ અનુભવતો હતો, પરંતુ કોંગ્રેસ પાર્ટી અને તેના ઈકોસિસ્ટમે શું કર્યું? તેમણે વૈશ્વિક કાર્યક્રમને ગંદા અને નગ્ન રાજકારણનો અખાડો બનાવી દીધો. કોંગ્રેસના નેતાઓ વિદેશી મહેમાનોની સામે કપડા ઉતારવા પહોંચી ગયા હતા.

મોદીએ કહ્યું, 'દિલ્હીમાં શું થયું તે જુઓ. શું TMC, DMK, કે BSPના લોકોએ કોઈ પાપ કર્યું? ના. ફક્ત કોંગ્રેસ પાર્ટીના નેતાઓ જ દેશને બરબાદ કરવામાં લાગેલા છે. જો તમારે વડાપ્રધાનની ખુરશી પર બેસવું હોય, તો તમારે પહેલા લોકોના દિલ જીતવા પડશે.'

આ પહેલા, મોદીએ મેરઠ મેટ્રો અને નમો ભારત રેપિડ રેલને લીલી ઝંડી આપી હતી. તેમણે સ્કૂલના બાળકો અને ડોકટરો સાથે મુસાફરી કરી, તેમની સાથે વાતચીત કરી અને 12,930 કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું હતું.

રેપિડ રેલ દિલ્હીથી મેરઠ સુધીનું 82.15 કિમીનું અંતર માત્ર 55 મિનિટમાં કાપશે. આ ટ્રેન મેરઠના મોદીપુરમથી શરૂ થશે અને દિલ્હીના સરાય કાલે ખાન પહોંચશે. તે 13 સ્ટેશનો પરથી પસાર થશે. સમગ્ર મુસાફરીમાં બે સ્ટેશન અન્ડરગ્રાઉન્ડ હશે, જ્યારે બાકીના એલિવેટેડ હશે. મેટ્રો બેગમપુલથી મેરઠ સાઉથ સુધી દોડશે. તેમાં સાત સ્ટેશન બનાવવામાં આવ્યા છે.

AI સમિટમાં યુથ કોંગ્રેસના વિરોધ પ્રદર્શન અંગે પીએમ મોદીએ કહ્યું, 'કોંગ્રેસના નેતાઓએ જે કર્યું છે તે દર્શાવે છે કે દેશની સૌથી જૂની પાર્ટી કેટલી કંગાળ અને ગરીબ બની ગઈ છે. તેઓ પોતાના દેશને બદનામ કરવામાં લાગેલા છે. તેઓ પોતાના દેશની સફળતાને પચાવી શકતા નથી.'

મોદીએ કહ્યું- વિશ્વની સૌથી મોટી AI સમિટ ભારતમાં યોજાઈ, જેમાં વિશ્વભરના 80થી વધુ દેશોના પ્રતિનિધિઓ દિલ્હી આવ્યા હતા... આખો દેશ ગર્વ અનુભવે છે, પરંતુ કોંગ્રેસ શું કર્યું? કોંગ્રેસે ભારતમાં એક વૈશ્વિક કાર્યક્રમને તેના ગંદા અને નગ્ન રાજકારણનો અખાડો બનાવ્યો. કોંગ્રેસના નેતાઓ વિદેશી મહેમાનોની સામે કપડા ઉતારવા કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા.

PM નરેન્દ્ર મોદીએ 12,930 કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. પીએમ મોદીએ સ્કૂલના બાળકો સાથે નમો ભારત રેપિડ રેલમાં મુસાફરી કરી. તેમણે સવારી દરમિયાન તેમની સાથે વાતચીત પણ કરી. પીએમએ શતાબ્દીનગર સ્ટેશનથી મેરઠ સાઉથ સ્ટેશન સુધીની મુસાફરી કરી.

## જમ્મુ કાશ્મીરના કિશ્તવાડમાં સેનાને મોટી સફળતા, એન્કાઉન્ટરમાં જૈશના 2 આતંકી ઠાર

**શ્રીનગર, તા.22**

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ વિરુદ્ધ ભારતીય સેનાએ એક મોટી સફળતા મેળવી છે. કિશ્તવાડ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં રવિવારે સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે થયેલા ભીષણ એન્કાઉન્ટરમાં પાકિસ્તાની આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ(JeM)ના બે ખૂંખાર આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. સેનાએ આ ઓપરેશનને 'ત્રાશી-I'(Trashi-I) નામ આપ્યું હતું, જે હેઠળ ચટરુ બેલ્ટના પાસેરકુટ વિસ્તારમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી બે AK-47 રાઈફલ સહિત મોટા પ્રમાણમાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે.



આ સફળ ઓપરેશન પાછળ સુરક્ષાદળોની સચોટ વ્યૂહરચના અને મજબૂત ઈન્ટેલિજન્સ નેટવર્ક જવાબદાર હતું. જમ્મુ-કાશ્મીર પોલીસ, IB અને ગુપ્તચર સંસ્થાઓ પાસેથી મળેલી ચોક્કસ બાતમીના આધારે કિશ્તવાડના મુશ્કેલ પહાડી વિસ્તારોમાં આ સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. સેનાની 'વ્હાઈટ નાઈટ કોર'ના જણાવ્યા અનુસાર, રવિવારે સવારે લગભગ 11 વાગ્યે સીઆઈએફ(ડેલ્ટા), પોલીસ અને સીઆરપીએફની ટુકડીઓનો સામનો આતંકવાદીઓ સાથે થયો હતો. આતંકવાદીઓ પહાડીની તળેટીમાં એક કાચા માટીના મકાનમાં છુપાયેલા હતા અને તેમણે સર્ચ પાર્ટી પર અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો, જેનો સેનાએ જડબાતોડ જવાબ આપ્યો હતો.

સેનાએ સ્પષ્ટ કર્યું છે કે આ વિસ્તારમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનારા કોઈપણ તત્વોને બક્ષવામાં આવશે નહીં અને 'શિકાર' હજુ ચાલુ છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ઠાર થયેલા બંને આતંકવાદીઓ પાકિસ્તાની નાગરિક હતા. નોંધનીય છે કે, છેલ્લા એક મહિનામાં ચટરુના જંગલોમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અનેકવાર અથડામણ થઈ છે. આ લેટેસ્ટ સફળતા સાથે, આ વર્ષે જમ્મુ વિસ્તારમાં અત્યાર સુધીમાં જૈશ-એ-મોહમ્મદના કુલ 6 આતંકવાદીઓને ઠાર કરવામાં સેનાને સફળતા મળી છે, જે આતંકવાદ વિરુદ્ધની લડાઈમાં એક મોટું પગલું ગણાય છે.

## '100 MLA લાવો અને CM બનો...', યોગીના વિદેશ પ્રવાસ વચ્ચે અખિલેશે કોને આપી ઓફર?

**પટના, તા.22**

ઉત્તર પ્રદેશમાં 2027માં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા રાજકીય માહોલ ધીમે-ધીમે ગરમાવા લાગ્યો છે. રવિવારે એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મેરઠથી કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા, તો બીજી તરફ સપા પ્રમુખ અખિલેશ યાદવે લખનઉમાં પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન તેમણે સીએમ યોગીની વિદેશ યાત્રા (સિંગાપોર અને જાપાન) પર કટાક્ષ કર્યો અને બંને ડેપ્યુટી સીએમનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'સીએમ તો બહાર જઈ રહ્યા છે, પાછળથી અમે ઓફર આપીએ છીએ કે 100 ધારાસભ્યો લઈને આવે અને યુપીના સીએમ બની જાય.' આ ઓફર દોહરાવતા તેમણે કહ્યું કે, જે 100 ધારાસભ્યો લાવશે તે સીએમ બનશે. તેમણે આ ઓફરની વેલિડિટી પણ જણાવી કે આ ઓફર માત્ર એક અઠવાડિયા માટે છે. નોંધનીય છે કે, અખિલેશ યાદવે અગાઉ પણ આવી ખુલ્લી ઓફર આપી હતી. તેમણે કહ્યું હતું કે, જો કોઈ પોતાની સાથે 100 ધારાસભ્યો તોડીને લાવશે.



## 'અમે ધર્મ યુદ્ધ શરૂ કર્યું છે, જે હવે અટકશે નહીં...', FIR દાખલ થયા બાદ શંકરાચાર્યની પહેલી પ્રતિક્રિયા

**નવી દિલ્હી, તા.22**

પ્રયાગરાજના ઝૂંસી પોલીસ સ્ટેશનમાં પોકસો એક્ટ હેઠળ યૌન શોષણની ફરિયાદ દાખલ થતાં શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીની પ્રથમ પ્રતિક્રિયા સામે આવી છે.

આ અંગે તેમણે કહ્યું છે કે, 'મને અંદાજ હતો કે મારી વિરુદ્ધ કંઈ થશે, પરંતુ આ પ્રકારના નીચ આક્ષેપ લાગશે તેવી કલ્પના ન હતી. ગૌ હત્યારા કેટલી નીચતા પર ઉતરી રહ્યા છે, એ જોઈ શકાય છે. યોગી આદિત્યનાથ જેવા લોકો આવું કરી શકે, તો હવે અમે ધર્મ યુદ્ધ શરૂ કર્યું છે જે રોકાશે નહીં. બોમ્બ ગોળા સામેથી આવી રહ્યા છે.'

આ બાદ શંકરાચાર્યએ આગળની કાર્યવાહી અને તપાસમાં પૂરતો સહયોગ આપવાની તૈયારી દર્શાવતા કહ્યું કે, 'અમે સંપૂર્ણ સહયોગ માટે તૈયાર છીએ, કોઈના પર પણ ખોટો આરોપ લાગે તો કોઈ પણ સિદ્ધ કરવા માટે તૈયાર રહે છે, આ બાદ ધરપકડ પર પણ સવાલ કરવામાં આવ્યો જેના જવાબમાં જણાવ્યું કે, જે રીતે મુખ્યમંત્રીની પોલીસ કામ કરી રહી છે. બટુકોનું અપમાન થયું છે, ધરપકડની સંભાવનાનો તે લોકો લાભ ઉઠાવી શકે છે. બધાને ખબર છે તે શું કરશે, અમે તૈયાર બેઠા છીએ, ક્યારેય ભાગ્યા હોય તો જણાવો, તે ધરપકડ કરવા માંગે છે તો હું તેમના પ્રશ્નોના જવાબ દેવા તૈયાર છું, તે અહીં પૂછપરછ કરે કે ત્યાં લઈ જઈને કરે'



21 ફેબ્રુઆરીના રોજ જ્યોતિષ પીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી વિરૂદ્ધ યૌન શોષણના આરોપ મામલે એડીજે રેપ એન્ડ પોક્સો સ્પેશિયલ કોર્ટથી ફરિયાદ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. તેમના શિષ્ય સ્વામી મુકુંદાનંદ ગિરી વિરૂદ્ધ પણ ફરિયાદ દાખલ કરવાનો નિર્દેશ હતો. જે બાદ આજે પ્રયાગરાજના ઝૂંસી પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ હેઠળ યૌન શોષણની ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટના અધ્યક્ષ અને શાકુંભરી પીઠાધીશ્વર આશુતોષ બ્રહ્મચારી મહારાજે 173 (4) હેઠળ અરજી દાખલ કરી હતી, જેમાં ફરિયાદ દાખલ કરીને કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આરોપ લગાવનારા બંને સગીરોના નિવેદન 13 ફેબ્રુઆરીએ કોર્ટમાં વીડિયોગ્રાફી સાથે દાખલ કરાયા હતા. કોર્ટે પોલીસ રિપોર્ટને પણ સંજ્ઞાનમાં લીધો હતો. હવે કોર્ટના આદેશ બાદ ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરાશે, આશુતોષ બ્રહ્મચારીએ દાવો કર્યો કે, તેમણે કથિત ઘટનાઓથી સંબંધિત સીડી પણ કોર્ટમાં સોંપી છે. તેમણે કહ્યું કે, તેમને ન્યાય મળ્યો છે અને તેઓ પ્રયાગરાજથી વિદ્યા મઠ, વારાણસી સુધી પગપાળા સનાતન યાત્રા કાઢશે જેથી લોકોને હકીકત જણાવી શકાય.

## ગુજરાત સહિત 9 રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોનું SIR ફાઈનલ લિસ્ટ જાહેર, 1.70 કરોડ મતદારોના નામ 'ડિલીટ'

**નવી દિલ્હી, તા.22**

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) હેઠળ ફાઈનલ વોટર લિસ્ટ જાહેર થયા બાદ 9 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 1.70 કરોડથી વધુ નામો મતદાર યાદીમાંથી કમી કરવામાં આવ્યા છે. ગુજરાત, રાજસ્થાન, છત્તીસગઢ, ગોવા અને કેરળ સહિતના રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ દ્વારા શનિવારે શેર કરવામાં આવેલા આંકડા મુજબ, ગત 27 ઓક્ટોબરથી આ પ્રક્રિયા શરૂ થઈ તે પહેલાં આ રાજ્યોનો સંયુક્ત મતદાર આધાર 21.45 કરોડથી વધુ હતો, જે હવે ઘટીને 19.75 કરોડ થઈ ગયો છે.



છત્તીસગઢ: અહીં મતદાર યાદીમાંથી અંદાજે 24 લાખ નામો કમી થયા છે, જ્યારે 2,34,994 નવા મતદારો ઉમેરાયા છે. હવે રાજ્યમાં કુલ 1.87 કરોડથી વધુ નોંધાયેલા મતદારો છે. મધ્યપ્રદેશ: અહીં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. SIR પ્રક્રિયા પૂર્ણ થયા બાદ યાદીમાંથી 34,25,078 નામો કપાયા છે. હવે રાજ્યમાં કુલ 5.39 કરોડ મતદારો બાકી છે. રાજસ્થાન: અહીં ફાઈનલ લિસ્ટમાં 31.36 લાખ નામો ઓછા થયા છે. ઓક્ટોબર 2025માં મતદારોની સંખ્યા 5.46 કરોડ હતી, જે હવે ઘટીને 5.15 કરોડ થઈ ગઈ છે. કેન્દ્રીય ચૂંટણી પંચની આ પ્રક્રિયા હાલમાં ચર્ચાના કેન્દ્રમાં છે. બિહારમાં આ પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે, જ્યારે અન્ય 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તે હાલ ચાલુ છે. જેમાં લગભગ 60 કરોડ મતદારોનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બાકીના 17 રાજ્યો અને 5 કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR શરૂ કરવામાં આવશે. અસમમાં 'સ્પેશિયલ રિવિઝન' પ્રક્રિયા 10 ફેબ્રુઆરીએ પૂર્ણ થઈ છે. જોકે, બિહારની જેમ તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં રાજકીય પક્ષોએ આ પ્રક્રિયાને પડકારતા સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે.

## મહારાષ્ટ્રના કદાવર નેતા શરદ પવારની તબિયત ફરી લથડી, પૂણેની હોસ્પિટલમાં દાખલ કરાયા

**મુંબઈ, તા.22**

85 વર્ષીય શરદ પવાર છેલ્લા કેટલાક દિવસોથી ખાંસી અને ગળામાં ઈન્ફેક્શનથી પીડાઈ રહ્યા હતા. શનિવારે જ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને તેઓ ઘરે આરામ કરી રહ્યા હતા, પરંતુ રવિવારે સવારે તેમને ભારે અશક્તિ અને ડિહાઈડ્રેશન જેવી સમસ્યાઓ જણાતા ડૉક્ટરોની સલાહ મુજબ ફરીથી દાખલ કરવાનો નિર્ણય લેવાયો હતો. સુપ્રિયા સુલેએ 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, ફોલો-અપ ટેસ્ટ અને હાઈડ્રેશન માટે તેમને હોસ્પિટલ લાવવામાં આવ્યા છે.



શરદ પવારને ગયા અઠવાડિયે શ્વાસ લેવામાં તકલીફ અને છાતીમાં ઈન્ફેક્શનના કારણે હોસ્પિટલમાં એડમિટ કરાયા હતા. પાંચ દિવસના એન્ટિબાયોટિક કોર્સ બાદ તેમને રજા અપાઈ હતી અને 3-4 દિવસ સંપૂર્ણ આરામની સૂચના અપાઈ હતી. જોકે, તેમની તબિયત સુધરવાને બદલે વધુ અશક્તિ આવતા ફરી સારવાર શરૂ કરવી પડી છે. ડૉક્ટરોના મતે, તેમની વધતી ઉંમર અને ઈન્ફેક્શનને કારણે આ સમસ્યા થઈ રહી છે.



# બે દેહવ્યાપારના ગુનામાં વર્ષથી વોન્ટેડ શેખર સાળુંકે ઝડપાયો

## 11 વર્ષમાં ચોરી-સ્નેચિંગ, પોલીસ પર હુમલા સહિતના 15 ગંભીર ગુનાનો આરોપી આખરે જેલના સળિયા પાછળ

**સુરત, તા.22**

સુરત શહેર ક્રાઈમ બ્રાંચના નાસતા ફરતા સ્કોડએ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અનૈતિક દેહવ્યાપારના 2 ગંભીર ગુનામાં છેલ્લા 1 વર્ષથી પોલીસને થાપ આપી ફરતા મુખ્ય આરોપી શેખર ચુડામણ સાળુંકેને ઝડપી પાડવામાં આવ્યો છે. પકડાયેલ આરોપી માત્ર દેહવ્યાપાર જ નહીં, પણ વાહનચોરી, મોબાઈલ સ્નેચિંગ, ઘરફોડ ચોરી, રાયોટિંગમાં પોલીસ પર હુમલો અને ડ્રીંક એન્ડ ડ્રાઈવ જેવા કુલ 15 જેટલા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો રીઢો ગુનેગાર છે. રાંદેર પાલનપુર પાટીયા પાસેથી બાતમીના આધારે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.




આરોપી શેખર સાળુંકે સમાજમાં પોતાની છબી એક સામાન્ય ભંગારના વેપારી તરીકે ઉભી કરી હતી. તે રાંદેર રોડ પર સિલ્વર પ્લાઝા એપાર્ટમેન્ટમાં રહીને પાલનપુર પાટીયા વિસ્તારમાં ભંગારનો ધંધો કરતો હતો. જોકે, આ ભંગારનો વ્યવસાય માત્ર એક મહોરું હતું. આ વ્યવસાયની આડમાં તે આખા શહેરમાં અનૈતિક પ્રવૃત્તિઓનું નેટવર્ક ચલાવતો હતો. ભંગાર લેવા-વેચવાના બહાને તે શહેરના વિવિધ વિસ્તારોમાં રેકી કરતો અને પોતાની ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે શેખર અત્યંત શાતિર રીતે નાણાકીય વ્યવહારો કરતો હતો. તેણે બેંક પાસેથી ઓનલાઈન પેમેન્ટ માટેનું સ્કેનર મેળવવા માટે પોતે 'સ્પા'નો ધંધો કરતો હોવાનું જુઠ્ઠાણું ચલાવ્યું હતું. મહિધરપુરામાં ચાલતા દેહવ્યાપારના અડ્ડા પર આવતા ગ્રાહકો પાસેથી તે આ સ્કેનર દ્વારા જ પેમેન્ટ લેતો હતો. આ રીતે તે દેહવ્યાપારમાંથી થતી ગેરકાયદેસર આવકને સ્પાના ધંધાની કાયદેસરની આવક તરીકે દર્શાવવાનો પ્રયાસ કરતો હતો.

ઘટનાની વિગત મુજબ, 26, માર્ચ, 2025 અને 31, ઓગસ્ટ, 2025ના રોજ મહિધરપુરા પોલીસ અને AHTU સેલે સંયુક્ત રીતે બુરહાનીપુરા વિસ્તારમાં એક મકાનના બીજા માળે રેડ કરી હતી. આ સ્થળે મહિલાઓ પાસે પરાણે દેહવ્યાપાર કરાવી આર્થિક લાભ મેળવવામાં આવતો હતો. પોલીસે તે સમયે કુલ 6 મહિલાઓને નરકમાંથી આઝાદ કરાવી રેસ્ક્યૂ કરી હતી. આ બંને ગુનાઓમાં શેખર સાળુંકે મુખ્ય સંચાલક તરીકે વોન્ટેડ જાહેર થયો હતો.

આરોપી શેખરનો ગુનાહિત ઈતિહાસ ઘણો લાંબો અને ચોંકાવનારો છે. તેના પર સૌ પ્રથમ વર્ષ 2014માં વલસાડના ડુંગરી પોલીસ સ્ટેશનમાં વાહનચોરીનો ગુનો નોંધાયો હતો. ત્યારબાદ ખટોદરા, ઉમરા અને અડાજણ પોલીસ મથકોમાં મોબાઈલ સ્નેચિંગ અને ચોરીના અનેક કેસો નોંધાયા હતા. 2015માં જ તેણે એક પછી એક ચારથી વધુ સ્નેચિંગની ઘટનાઓને અંજામ આપ્યો હતો. તેની સતત વધતી જતી ગુનાખોરીએ પોલીસ માટે મોટો પડકાર ઉભો કર્યો હતો.

શેખર માત્ર ચોરી કે દેહવ્યાપારમાં જ મર્યાદિત નહોતો, તે હિંસક મિજાજ પણ ધરાવતો હતો. 2019માં નવસારીના મરોલી પોલીસ સ્ટેશનમાં તેની સામે રાયોટિંગ અને સરકારી કર્મચારી પર હુમલો કરવાનો ગુનો નોંધાયો હતો. પોલીસ જ્યારે તેને પકડવા અથવા અટકાવવા જતી, ત્યારે તે કાયદો હાથમાં લેતા પણ અચકાતો નહોતો. આ ઉપરાંત સચીન અને અડાજણ વિસ્તારમાં તેની સામે ડ્રીંક એન્ડ ડ્રાઈવના કેસો પણ નોંધાયેલા છે.

છેલ્લા 1 વર્ષથી ફરાર શેખર સાળુંકેને પકડવા માટે ક્રાઈમ બ્રાંચની ટીમ સતત વોચમાં હતી. બાતમી મળી હતી કે તે પાલનપુર પાટીયા ત્રણ રસ્તા પાસે આવવાનો છે. પોલીસે ગત રાત્રે ચોક્કસ પ્લાનિંગ સાથે તેને ચારેય બાજુથી ઘેરી લીધો હતો અને નાસવાની તક આપી નહોતી. તેની ધરપકડ બાદ હવે પોલીસ તપાસ કરી રહી છે કે તેના આ નેટવર્ક પાછળ અન્ય કયા મોટા માથાઓ સામેલ છે.

### ગાંધીનગરના સેક્ટર-28માં આવેલી

# સમર્પણ મૂકબધિર શિશુ વિદ્યામંદિરમાંથી 13 વર્ષીય બાળક ગુમ થતા ચકચાર મચી



**ગાંધીનગર, તા.22**

ગાંધીનગરના સેક્ટર-28માં આવેલી સમર્પણ મૂકબધિર શિશુ વિદ્યામંદિરમાંથી એક 13 વર્ષીય મૂકબધિર બાળક રહસ્યમય સંજોગોમાં ગુમ થતા ચકચાર મચી ગઈ છે. અગાઉ પોલીસને બિનવારસી હાલતમાં મળી આવેલો આ બાળક સંસ્થાના વાલીપણામાંથી કોઈને કહ્યા વગર રાત્રિના સમયે નીકળી જતા સેક્ટર-21 પોલીસે બાળકના અપહરણનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગેના સંસ્થાના ગૃહપતિ હિતેશભાઈ નિનામાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આશરે 13 વર્ષીય આ બાળક મૂળભૂત રીતે બિનવારસી હતો, જેને સેક્ટર-7 પોલીસે શોધી કાઢ્યા બાદ ચિલ્ડ્રન હોમમાં રાખવામાં આવ્યો હતો. જોકે બાળક મૂકબધિર હોવાથી તેના વિકાસ માટે ગત નવેમ્બર માસમાં સેક્ટર-28ની સંસ્થામાં મોકલવામાં આવ્યો હતો.

દરમિયાન ગત તા. 6 ફેબ્રુઆરીના રોજ સવારે નાસ્તા સમયે બાળક ગેરહાજર જણાતા સંસ્થામાં દોડધામ મચી હતી. ત્યારે સીસીટીવી ફૂટેજ ચેક કરતા જાણવા મળ્યું હતું કે, તા. 5 ફેબ્રુઆરીના રોજ રાત્રે 11:30 વાગ્યે તે કોઈને જાણ કર્યા વગર સંસ્થામાંથી બહાર નીકળી રહ્યો હતો.

### રાહુલ ગાંધીના ઇશારે દિલ્હી ખાતે AI સમિટમાં યુથ કોંગ્રેસના કાર્યકરોએ કરેલા

# શરમજનક અને નિમ્નસ્તરના કૃત્ય માટે દેશના 140 કરોડ નાગરિકો કોંગ્રેસને ક્યારેય માફ નહિ કરે : જગદીશ વિશ્વકર્મા

**ગાંધીનગર, તા.22**

કોબા સ્થિત ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે આજે નીતિન નબીનના આગમન પર કાર્યકર્તાઓએ ઢોલ-નગારા અને દેશભક્તિના નાદ વચ્ચે સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ભારતમાતા, શ્યામા પ્રસાદ મુખરજી અને દીનદયાલ ઉપાધ્યાયની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. કાર્યાલય પ્રાંગણમાં નરેન્દ્ર મોદીની છબી સાથે વિશાળ રંગોળી પણ આકર્ષણનું કેન્દ્ર રહી.



સંગઠનાત્મક બેઠકમાં 'મિનિમમ ઈનપુટ, મેક્સિમમ આઉટપુટ'નો મંત્ર નીતિન નવીનની અધ્યક્ષતામાં યોજાયેલી સંગઠનાત્મક બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી એલ સંતોષ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા. તેમણે સંબોધનમાં જણાવ્યું કે, ગુજરાતે હંમેશા સંગઠનશક્તિ અને સમયબદ્ધ કાર્યપદ્ધતિથી દેશને દિશાદર્શન આપ્યું છે. "મિનિમમ ઈનપુટ અને મેક્સિમમ આઉટપુટ" ગુજરાત ભાજપાની ઓળખ રહી છે. કાર્યકર્તા જ પક્ષનો પ્રાણ છે અને પદનો ભાર બાજુએ રાખી 'રાષ્ટ્ર પ્રથમ'ના ભાવ સાથે કાર્ય કરવું જરૂરી છે. સોશિયલ મીડિયામાં અપપ્રચાર સામે સચોટ માહિતી પહોંચાડવાની પણ તેમણે હાકલ કરી.

'2 સીટથી વિશ્વની સૌથી મોટી પાર્ટી'

પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ ભાજપાની 2 લોકસભા સીટથી આજની વૈશ્વિક પહોંચ સુધીની સફરને મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે 'કેસ સ્ટડી' ગણાવી. સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આવેલા કાર્યકર્તા પણ પક્ષમાં સર્વોચ્ચ સ્થાને પહોંચી શકે છે તેનું ઉદાહરણ આપતા તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સફરનો ઉલ્લેખ કર્યો.

### અરજી કર્યાના 40માં દિવસે મેરેજ સર્ટિફિકેટ મળશે

# લગ્ન નોંધણી પ્રક્રિયામાં સુધારા કરવા ગેઝેટમાં ડ્રાફ્ટ નોટિફિકેશન જાહેર...

## આ પ્રસ્તાવ મુજબ હવે લગ્ન નોંધણી વધુ કડક અને પારદર્શક બનાવાશે

**ગાંધીનગર, તા.22**

ગુજરાત સરકારે Gujarat Registration of Marriages Act, 2006 હેઠળ લગ્ન નોંધણી પ્રક્રિયામાં મહત્વપૂર્ણ સુધારા કરવા માટે ગેઝેટમાં ડ્રાફ્ટ નોટિફિકેશન જાહેર કર્યું છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા આ પ્રસ્તાવ મુજબ હવે લગ્ન નોંધણી વધુ કડક અને પારદર્શક બનાવાશે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી આ સૂચનાના આધારે 30 દિવસ સુધી જનતા તરફથી વાંધા-સૂચનો માંગવામાં આવ્યા છે. સુધારાઓ મુજબ હવે લગ્ન નોંધણી માટેનો મેમોરેન્ડમ સંબંધિત આસિસ્ટન્ટ રજિસ્ટ્રારને જમા કરાવવો પડશે



અને તેની સાથે નક્કી કરાયેલ ફોર્મ તથા ફી ફરજિયાત રહેશે. વર-વધુની સહી સાથે બે સાક્ષીઓની સહી જરૂરી રહેશે.

સુધારા મુજબ હવે વર અને વધુ બંનેએ તેમના માતા-પિતાની સંપૂર્ણ માહિતી આપવી પડશે, જેમાં આધાર કાર્ડ (હોય તો), પૂરું નામ, રહેઠાણનું સરનામું અને મોબાઈલ નંબર સામેલ રહેશે. સૌથી મહત્વપૂર્ણ ફેરફાર એ છે કે આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર દ્વારા મેમોરેન્ડમ પૂર્ણ હોવાની ખાતરી થયા બાદ 10 દિવસની અંદર વર-વધુના માતા-પિતાને સ્પીડ પોસ્ટ અથવા અન્ય માધ્યમથી લગ્ન અંગે જાણ કરવામાં આવશે.

### અનગઢના રેલવે ટ્રેક પરથી વિસ્ફોટક મળતાં દોડધામ

# વડોદરામાં સ્કૂલ-કોર્ટ બાદ હવે રેલવે તંત્ર દોડતું થયું..!

**વડોદરા, તા.22**

વડોદરામાં આજે સવારે અનગઢ નજીકના રેલવે ટ્રેક પરથી વિસ્ફોટક પદાર્થ મળી આવતાં દોડધામ મચી ગઈ હતી.તપાસને અંતે વિસ્ફોટક જેવો પદાર્થ લગ્નમાં વપરાતા ફટાકડા હોવાનું ખૂલતાં તંત્રએ હાશ અનુભવી હતી.સ્કૂલો અને કોર્ટમાં ધમકીના મેઈલ મોકલી તંત્રને દોડતું કર્યા બાદ રેલવે પોલીસને દોડતી કરનારને પોલીસ શોધી રહી છે. અનગઢ નવાપુરા રેલવેના ગુડ્સ ટ્રેક પર આજે સવારે આઠેક વાગે મુસ્તાકભાઈ નામના કર્મચારી પેટ્રોલિંગમાં નીકળ્યા હતા ત્યારે ટ્રેક પાસે છ જેટલા બાંધેલા ફટાકડા ટ્રેક પાસે જોવા મળતાં તેમણે તરત જ આરપીએફના ઉચ્ચ અધિકારીઓને જાણ કરી હતી.થોડી જ વારમાં રેલવે પોલીસ આવી ગઈ હતી અને વડોદરા શહેર પોલીસને પણ જાણ કરી હતી. ડીસીપી,એસીપી અને નંદેસરી પીઆઈ સહિતના ઉચ્ચ અધિકારીઓ પોલીસ કાફલા સાથે ટ્રેક પાસે આવી ગયા હતા અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ તેમજ ફોરેન્સિક નિષ્ણાતોની મદદ લીધી હતી. પ્રાથમિક તપાસમાં ઉપરોક્ત વિસ્ફોટક લગ્ન પ્રસંગે વપરાતા ફટાકડા હોવાનું અને તેના પર કોલ્ડ ફાયર પણ લખેલું હોવાનું જણાઈ આવતાં તંત્રએ હાશ અનુભવી હતી.આમ છતાં ફટાકડા એક સાથે બાંધીને મુકવા પાછળનું કૃત્ય આચરનાર કોણ છે અને આ પદાર્થ કેટલો જોખમી હતો તેની નંદેસરી પોલીસ દ્વારા વિગતવાર તપાસ કરવામાં આવી રહી છે.




### ફૂડ ઝોન, સાયકલ ટ્રેક અને લેન્ડસ્કેપિંગથી સજ્જ

# ગાંધીનગરનો પ્રથમ 80 મીટર પહોળો આઇકોનિક રોડને અપાતો આખરી ઓપ

**અંદાજે 114 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થઈ રહેલો આ માર્ગ માત્ર વાહનવ્યવહાર માટેનું સાધન જ નહીં પરંતુ આધુનિક અર્બન લાઈફસ્ટાઈલનું પ્રતીક બની રહેશે**

**ગાંધીનગર, તા.22**

ગુજરાતની રાજધાની ગાંધીનગરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વૈશ્વિક ફલક પર લઈ જવાના પ્રયાસરૂપે મહાનગરપાલિકા દ્વારા નિર્મિત ભાઈજીપુરા ચોકડીથી ગિફ્ટ સિટીને જોડતો 80 મીટર પહોળો આઈકોનિક રોડ હવે તેના અંતિમ તબક્કામાં પ્રવેશ્યો છે. અંદાજે 114 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થઈ રહેલો આ માર્ગ માત્ર વાહનવ્યવહાર માટેનું સાધન જ નહીં પરંતુ આધુનિક અર્બન લાઈફસ્ટાઈલનું પ્રતીક બની રહેશે. આ માર્ગ શૈક્ષણિક સંસ્થાઓ અને નોલેજ કોરિડોરથી ઘેરાયેલો હોવાથી તેને ખાસ આધુનિક સુવિધાઓ અને સુંદર સ્કલ્પચર્સથી સજ્જ કરવામાં આવ્યો છે.



ગાંધીનગર મહાનગરપાલિકાના આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ અંતર્ગત ફૂટપાથ, સાયકલ ટ્રેક, પાર્કિંગ અને સ્ટ્રીટ ફર્નિચર જેવી પાયાની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. ગિફ્ટ સિટીની મુલાકાતે આવતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહાનુભાવો માટે આ મુખ્ય પ્રવેશદ્વાર સમાન હોવાથી અહીં સાઈનેજીસ અને એલઈડી લાઈટિંગ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

જ્યારે સમગ્ર માર્ગને ત્રણ અલગ અલગ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. જેમાં રહેણાંક, કોમર્શિયલ અને નોલેજ કોરિડોરનો સમાવેશ થાય છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવાનો માટે અહીં મલ્ટીનેશનલ ફૂડ ચેઈન્સ ધરાવતો આધુનિક ફૂડ ઝોન અને ઓડિટોરિયમ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે.

ત્યારે બાકી પ્રોજેક્ટની સમયરેખા પર નજર કરીએ તો ગિફ્ટ સિટી પીડીપીયુ રોડ પરના આ કાર્યની શરૂઆત 10 જાન્યુઆરી 2025ના રોજ કરવામાં આવી હતી. તંત્ર દ્વારા 9 જાન્યુઆરી 2026 સુધીમાં આ પ્રોજેક્ટને સંપૂર્ણ રીતે તૈયાર કરવાનો લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યો હતો.

### ત્રણ આરોપીઓ ગાડીના વેલેટ પાર્કિંગમાં નોકરી કરતા હોવાનું ખુલ્યું

# અમદાવાદમાં ત્રણ મિત્રોએ ગાડી ભાડે લઈ બારોબાર વેચવાનું કૌભાંડ શરૂ કર્યું

**અમદાવાદ, તા.22**

ગાડી ભાડે લઈને બનાવટી આધારકાર્ડ અને આરસી બુક સહિતના દસ્તાવેજો બનાવી બારોબાર ગાડી વેચીને રૂપિયા પડાવી લેતા ત્રણ આરોપીઓની એરપોર્ટ પોલીસે ધરપકડ કરી છે. પકડાયેલ ત્રણ આરોપીઓ ગાડીનું વેલેટ પાર્કિંગમાં નોકરી કરતા હોવાનું ખુલ્યું છે. જેઓએ પોતાના મોજશોખ અને જુગાર રમવા માટે રૂપિયા મેળવવા આ આખો તરકટ રચ્યું હતું. જોકે હાલ તેમના આ ધતિંગનો પર્દાફાશ થયો છે અને પોલીસે ત્રણેયની ધરપકડ કરી




આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, એરપોર્ટ પોલીસે પકડેલા આ આરોપીઓની ઓળખ સુરજ પંડિત, મીત ચૌહાણ અને સંપત ઉર્ફે માલિયા ધોબી તરીકે થઈ છે. જેમાં આ કેસનો મુખ્ય આરોપી સુરજ પંડિત છે. જે મોબાઈલ એપ્લિકેશનની મદદથી બનાવટી આધાર કાર્ડ અને આરસી બુક તૈયાર કરતો હતો અને તે જ બનાવટી ડોક્યુમેન્ટનો ઉપયોગ કરી ગાડી ખરીદનાર સાથે પણ છેતરપિંડી કરતો હતો. આ ત્રણેય આરોપીઓ પોતાનું બનાવટી આધાર કાર્ડ બનાવી સામાન્ય લોકો પાસેથી ગાડી ભાડે મેળવી લેતા હતા અને તે ગાડીની બનાવટી આરસી બુક બનાવી તેને વેચી પણ દેતા હતા. ગાડીનો વેચાણ કરાર બનાવી આરોપીઓ ભાડે લીધેલી ગાડી ઓછી કિંમતમાં વેચી દેતા હતા.

### શખ્સો મોઢા ઉપર કાળા કપડા બાંધી ઘસી આવ્યા હતા

# વેપારીની આંખમાં મરચાની ભૂકી નાખી 10 લાખની લૂંટમાં આરોપીના જામીન ના મંજૂર

**વડોદરા, તા.22**

વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં ગિફ્ટ શોપ સંચાલક વેપારીની આંખમાં મરચાની ભૂકી નાખી રૂ. ૧૦ લાખની લૂંટના કેસમાં સંડોવાયેલ આરોપીની રેગ્યુલર જામીન અરજી અદાલતે નામંજૂર કરવાનો હુકમ કર્યો છે.

ફરિયાદી લીલારામ રેવાણી ગઈ તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યાની આસપાસ પોતાની કાર લઈને કારેલીબાગ મેન્ટલ હોસ્પિટલ પાસે આવેલી પોતાની ગિફ્ટ શોપથી પરત ઘરે પહોંચ્યા હતા.



કારમાંથી ઉતરવા જતા હતા તે વખતે, એક મોપેડ અને એક બાઈક પર આશરે ૨૫ થી ૩૦ વર્ષના શખ્સો મોઢા ઉપર કાળા કપડા બાંધી ઘસી આવ્યા હતા. અને ફરિયાદીની આંખમાં મરચાની ભૂકી નાખી કારમાં પાછળ રાખેલ બેગ લઈ નાસી છૂટ્યા હતા. બેગમાં દુકાનના વકરાના રોકડા રૂપિયા ૧૦ લાખ હતા. આ ગુનામાં સંડોવાયેલ આરોપી હિરેન મિનેષભાઈ વસાવા રહે -અમુલ ડેરીની સામે ,આણંદ/ મૂળ રહે - અંકલેશ્વર) સામે વારસિયા પોલીસ સ્ટેશન ખાતે બીએનએસ (ભારતીય ન્યાય સંહિતા) લૂંટ, ષડયંત્ર સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે. આરોપીએ જામીન મુક્ત થવા ચોથા એડિ. સેશન્સ જજ મોબીન અબ્દુલરસીદ ટેલરની કોર્ટમાં અરજી રજૂ કરતા સુનાવણી હાથ ધરાઈ હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૮


### નરવણેના પુસ્તક વિવાદ પર સંરક્ષણ મંત્રીનું પ્રથમ નિવેદન

# પૂર્વ સેના પ્રમુખોના પુસ્તક લખવા પર પ્રતિબંધ નહીં મુકાયઃ રાજનાથ સિંહ

## પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા દ્વારા આ પુસ્તકની કેટલીક નકલો 2024માં જ દિલ્હીની દુકાનોમાં પહોંચી ગઈ હતી

**નવી દિલ્હી, તા.22**

પૂર્વ સેના પ્રમુખ જનરલ એમ એમ નરવણેના પુસ્તક પર થઈ રહેલા વિવાદ પર પહેલી વખત સંરક્ષણ મંત્રી રાજનાથસિંહનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું છે કે, પૂર્વ સેના પ્રમુખોને પુસ્તક લખવા પર કોઈ રોક લાગશે નહીં, સંરક્ષણ મંત્રીએ એ સમાચારોને ખોટા ગણાવ્યા જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સેનાથી જોડાયેલા અધિકારીઓને નિવૃત્તિના 20 વર્ષ સુધી કોઈ પુસ્તક લખવાની મંજૂરી નહીં મળે. નિયમ મુજબ, નિવૃત્ત લશ્કરી અધિકારીઓ પુસ્તક લખી શકે છે, પરંતુ



'ઓફિશિયલ સિક્રેટ એક્ટ' હેઠળ તેઓ સંવેદનશીલ માહિતી શેર કરી શકતા નથી. આથી પ્રકાશન પહેલા સંરક્ષણ મંત્રાલયની મંજૂરી લેવી અનિવાર્ય છે. અહેવાલો મુજબ, પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા દ્વારા આ પુસ્તકની કેટલીક નકલો 2024માં જ દિલ્હીની દુકાનોમાં પહોંચી ગઈ હતી, પરંતુ વિવાદ વધતાં તેને પરત ખેંચી લેવાઈ હતી. ત્યારે સવાલ ઉઠ્યો હતો કે શું પ્રકાશકે મંજૂરી પહેલા જ પ્રિન્ટિંગ કરી દીધું હતું?

આ પુસ્તક જનરલ નરવણેની ચાર દાયકાની સૈન્ય કારકિર્દી પર આધારિત છે, જેમાં ખાસ કરીને ચીન સાથેના સરહદી સંઘર્ષ (LAC) અને સરકારની 'અગ્નિપથ યોજના' જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર તેમના મંતવ્યો હોવાનું માનવામાં આવે છે. વિપક્ષનો દાવો છે કે આ વિષયો અત્યંત સંવેદનશીલ હોવાથી જ સરકાર આ પુસ્તકની સમીક્ષા અટકાવી રહી છે. સંરક્ષણ મંત્રાલયે 2020થી 2024 વચ્ચે 35 પુસ્તકોને મંજૂરી આપી છે, પરંતુ આ પુસ્તક હજુ પણ મંજૂરીની પ્રક્રિયામાં અટવાયેલું છે. રાહુલ ગાંધીએ લોકસભામાં મુદ્દો ઉઠાવ્યા બાદ સંસદ પરિસરમાં પુસ્તક બતાવી દાવો કર્યો હતો કે, 'મને લાગે છે કે નરવણેનું આ પુસ્તક વિદેશમાં મળે છે, તે વિદેશમાં પબ્લિશ થઈ ચૂક્યું છે, જ્યારે સરકાર અહીં તેને પબ્લિશ કરવા દેતી નથી. મને એવું લાગી રહ્યું છે..' દેશની સુરક્ષાનો ઉલ્લેખ કરતાં મોદી સરકાર પર આકરા પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, દેશની સુરક્ષા

### આગામી ચૂંટણીઓ માટે મહત્વપૂર્ણ

# દેશમાં 4 રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશની ફાઈનલ મતદાર યાદી જાહેર

## આ યાદીમાં મતદાતાઓની સંખ્યા વધી અને નવા નામો ઉમેરાયા છે

**નવી દિલ્હી, તા.22**

આ સૂચિ SIR (સર્વે ઓફ ઈલેક્ટોરલ રોલ) પછી પ્રકાશિત કરવામાં આવી છે અને આગામી ચૂંટણીઓ માટે મહત્વપૂર્ણ બની રહી છે. આ અપડેટમાં મતદાતાઓની સંખ્યા વધેલી છે અને નવા નામોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે નોંધનીય છે. રાજસ્થાનમાં કુલ ૫.૧૫ કરોડ મતદારો છે. જેમાં પુરુષ મતદાતાઓની સંખ્યા ૨, ૬૯, ૫૭,૮૮૧ છે, જ્યારે મહિલા મતદાતાઓની સંખ્યા ૨,૪૫, ૬૧,૪૮૬ છે. ઉપરાંત રાજ્યમાં ૫૬૨ ટ્રાન્સજેન્ડર મતદારો દાખલ થયા છે. આ ફાઈનલ સૂચિ રાજ્યમાં મતદાર પંજિકરણ અને આગામી ચૂંટણી માટે આધારભૂત દસ્તાવેજ તરીકે કામ કરશે. છત્તીસગઢમાં કુલ ૧,૮૭,૩૦, ૯૧૪ મતદારો છે. ગયા વર્ષે કરતા આ વખતે ૨,૩૪, ૯૯૪ મતદાતાઓની વધારો નોંધાયો છે. આ વધારો રાજ્યમાં વસ્તી અને નવા પંજિકરણ પ્રક્રિયાનો સંકેત આપે છે. છત્તીસગઢની ફાઈનલ સૂચિ તમામ યોગ્ય મતદારોને સુનિશ્ચિત કરશે કે તેઓ આગામી ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે. ગોવામાં કુલ ૧૧,૮૫,૦૩૪ મતદારો છે. જેમાં પુરુષ મતદારો ૫,૭૩,૮૫૩ છે, જયારે મહિલા મતદારો ૬,૧૧,૧૬૮ છે. રાજ્યમાં ૧૩ ટ્રાન્સજેન્ડર મતદારોનો સમાવેશ થયો છે. ગોવાની ફાઈનલ સૂચિ સુનિશ્ચિત કરશે કે દરેક પંજિકૃત મતદારે પોતાના હકનો ઉપયોગ કરી શકે અને ચૂંટણી પ્રક્રિયા પારદર્શક બની રહે. અન્ડમાન અને નિકોબાર દ્વીપસમૂહઃઅન્ડમાન અને નિકોબાર દ્વીપસમૂહની પણ ફાઈનલ મતદાર સૂચિ જાહેર કરવામાં આવી છે. આ સૂચિ ત્યાંના તમામ યોગ્ય મતદારોને પંજિકૃત કરવા અને તેમના મતાધિકાર સુનિશ્ચિત કરવા મદદરૂપ થશે.

# ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલમાં ટ્વિસ્ટ, બંને દેશો વચ્ચેની મહત્ત્વની બેઠક ટળી....

**નવી દિલ્હી, તા.22**

ભારત અને અમેરિકા વચ્ચે સૂચિત વચગાળાના વેપાર કરાર (Interim Trade Deal) ને લઈને એક મહત્ત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલની અંતિમ વિગતો નક્કી કરવા માટે વોશિંગ્ટનમાં યોજાનારી ચીફ નેગોશિયેટર્સ (મુખ્ય વાટાઘાટકારો) ની બેઠક હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી છે. ભારતીય ટીમ 23 ફેબ્રુઆરીથી ત્રણ દિવસની બેઠક શરૂ કરવાની હતી, પરંતુ હવે તેને 'રિશેડ્યૂલ' કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પીટીઆઈ (PTI) ના અહેવાલ મુજબ, આ મામલે જોડાયેલા સૂત્રોએ જણાવ્યું છે કે બંને દેશોના પ્રતિનિધિઓ માને છે કે નવીનતમ



વૈશ્વિક વિકાસ અને તેની અસરોને સમજવા માટે થોડા વધુ સમયની જરૂર છે. અમેરિકન સુપ્રીમ કોર્ટના ટેરિફ અંગેના તાજેતરના ચુકાદા અને ત્યારબાદ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લેવામાં આવેલા પગલાંના કારણે આ નિર્ણય લેવાયો હોવાનું જણાય છે. હવે આ બેઠક પરસ્પર સંમતિથી નવી તારીખે યોજાશે.

નોંધનીય છે કે અમેરિકન સુપ્રીમ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પના 'રેસિપ્રોકલ ટેરિફ' ને ગેરકાયદે ગણાવી રદ કર્યા હતા. જોકે, આ હાર બાદ તુરંત જ ટ્રમ્પે પોતાની સત્તાનો ઉપયોગ કરી ભારત સહિતના દેશો પર પહેલા 10% અને ત્યારબાદ 24 કલાકમાં જ તેને વધારીને 15% ગ્લોબલ ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. આ બદલાયેલી પરિસ્થિતિમાં ટ્રેડ ડીલની શરતોનું પુનઃમૂલ્યાંકન કરવું જરૂરી બન્યું છે.

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે તાજેતરમાં જ સંકેત આપ્યા હતા કે, ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરાર પર માર્ચમાં હસ્તાક્ષર થઈ શકે છે અને એપ્રિલથી તેનો અમલ શરૂ થઈ શકે છે. 23 ફેબ્રુઆરીની આ બેઠક કરારના 'લીગલ ડ્રાફ્ટ' (કાનૂની દસ્તાવેજ) ને અંતિમ ઓપ આપવા માટે હતી. હવે જોવાનું એ રહેશે કે આ બેઠક ક્યારે યોજાય છે અને માર્ચના અંતિમ લક્ષ્યાંક પર તેની શું અસર પડે છે.

### અજિત પવાર પ્લેન ક્રેશ મામલે VSR કંપનીને બચાવવાનો આરોપ

# એવિયેશન મિનિસ્ટર રાજીનામું આપેઃ રોહિત પવારનું આક્રમક નિવેદન

## આ દુર્ઘટના પાછળ કોઈ મોટા કાવતરાની આશંકા વ્યક્ત કરી છે

**મુંબઈ, તા.22**

મહારાષ્ટ્રના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અજિત પવારના વિમાન અકસ્માત મામલે NCP (SP) નેતા રોહિત પવારે શનિવારે પ્રેસ કોન્ફરન્સ યોજીને સનસનાટીભર્યા આક્ષેપો કર્યા છે. રોહિત પવારે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુના રાજીનામાની માંગ કરી છે અને આ દુર્ઘટના પાછળ કોઈ મોટા કાવતરાની આશંકા વ્યક્ત કરી છે. રોહિત પવારે જણાવ્યું કે તેમણે આ અકસ્માત અંગે પોતાની રીતે તપાસ કરી છે, જેમાં અનેક ચોંકાવનારી ક્ષતિઓ સામે આવી છે. પ્રભાવશાળી લોકોનું સંરક્ષણ થઈ રહ્યું હોવાના આક્ષેપ સાથે દાવો કર્યો કે, જે કંપનીનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું (VSR વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ), તેને સત્તામાં બેઠેલા પ્રભાવશાળી લોકોનું સંરક્ષણ પ્રાપ્ત છે. આ ઉપરાંત ષડયંત્રની આશંકા વ્યક્ત કરતા જણાવ્યું કે, જો કોઈ VSR કંપનીને બચાવવાનો પ્રયાસ કરી રહ્યું હોય, તો તે પણ આ ષડયંત્રનો ભાગ છે. તેમણે DGCA ના અધિકારીઓ પર પણ કંપનીને બચાવવાનો આરોપ લગાવ્યો હતો.



રોહિત પવારે દાવો કર્યો કે, અકસ્માત સમયે વિમાનમાં એક નહીં પણ અનેક ધડાકા થયા હતા, જેનાથી બ્લેક બોક્સની વિશ્વસનીયતા પર સવાલ ઉઠે છે.તેમણે આરોપ લગાવ્યો કે જ્યાં મુસાફરોનો સામાન રાખવામાં આવે છે ત્યાં વધારાના પેટ્રોલના કેન રાખવામાં આવ્યા હતા, જેના કારણે આગ લાગી અને અકસ્માત થયો. રોહિત પવારે કહ્યું કે, 'આ મામલે જો અજિત પવારને કોઈ ન્યાય અપાવી શકે તેમ હોય તો તે માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ છે. હું પીએમ મોદીને ઈમેલ દ્વારા પત્ર પણ લખીશ.' આ ઉપરાંત તેમણે રાહુલ ગાંધીને પણ આ મુદ્દો ઉઠાવવા વિનંતી કરી છે.

# ઈઝરાયલ અંગે અમેરિકન રાજદૂતના નિવેદનથી મધ્યપૂર્વમાં હોબાળો, મુસ્લિમ દેશો ભડક્યાં....

**તેલઅવિવ, તા.22**

ઈઝરાયલ અંગે અમેરિકન રાજદૂત માઈક હુકાબીના એક વિવાદાસ્પદ નિવેદનથી મધ્યપૂર્વ અને મુસ્લિમ દેશોમાં હોબાળો મચી ગયો છે. હુકાબીએ દાવો કર્યો છે કે, 'મધ્યપૂર્વના મોટાભાગના હિસ્સા પર ઈઝરાયલનો અધિકાર છે. તેમણે તો ત્યાં સુધી કહી દીધું કે જો ઈઝરાયલ આ વિસ્તાર પર કબજો કરી લે તો પણ ઠીક છે.' હવે અમેરિકન રાજદૂતના આ નિવેદનની સાઉદી અરેબિયા, ઈજિપ્ત, જોર્ડન અને આરબ લીગ દ્વારા સખત નિંદા કરવામાં આવી છે. આ નિવેદન તેમણે અમેરિકન રૂઢિચુસ્ત વિવેચક ટકર કાર્લસનને આપેલા ઈન્ટરવ્યુમાં આપ્યું હતું. ચર્ચા દરમિયાન કાર્લસને બાઈબલના સંદર્ભમાં પૂછ્યું હતું કે શું ઈઝરાયલનો એ પ્રદેશ પર



અધિકાર છે, જે હાલમાં મધ્યપૂર્વના મોટા હિસ્સામાં ફેલાયેલો છે? તેના પર હુકાબીએ જવાબ આપ્યો કે, 'જો તેઓ (ઈઝરાયલ) બધું લઈ લે, તો પણ ઠીક રહેશે.' જોકે, તેમણે એ પણ ઉમેર્યું કે, 'ઈઝરાયલ હાલમાં વિસ્તાર વધારવાનો પ્રયાસ નથી કરી રહ્યું અને તેને પોતાની કાયદેસર સરહદોની અંદર સુરક્ષાનો અધિકાર છે.' હુકાબીના આ નિવેદન પર સાઉદી અરેબિયા, ઈજિપ્ત, જોર્ડન, ઈસ્લામિક સહયોગ સંગઠન અને આરબ રાજ્યોની લીગએ સખત વાંધો વ્યક્ત કર્યો છે. સાઉદી અરેબિયાએ તેને 'અત્યંત કટ્ટરપંથી' ગણાવ્યું, જ્યારે ઈજિપ્તે તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવ્યું છે. આરબ લીગે કહ્યું કે, આવા નિવેદનો પ્રદેશમાં ધાર્મિક અને રાષ્ટ્રીય ભાવનાઓને ભડકાવે છે. તમને જણાવી દઈએ કે, 1948માં સ્થાપના બાદથી ઈઝરાયલની સરહદો અનેક યુદ્ધો અને કરારોને કારણે બદલાતી રહી છે. 1967ના છ દિવસના યુદ્ધમાં ઈઝરાયલે વેસ્ટ બેંક, પૂર્વ જેરુસલેમ, ગાઝા, સિનાઈ દ્વીપકલ્પ અને ગોલાન હાઈટ્સ પર કબજો કરી લીધો હતો. બાદમાં ઈજિપ્ત સાથે શાંતિ કરાર હેઠળ તે સિનાઈથી હટી ગયું અને 2005માં ગાઝાથી એકતરફી વાપસી કરી.

હાલમાં ગાઝામાં હમાસ સાથે યુદ્ધ અને યુદ્ધવિરામની પૃષ્ઠભૂમિમાં ઈઝરાયલ અડધાથી વધુ પ્રદેશ પર નિયંત્રણ ધરાવે છે. વેસ્ટ બેંકમાં વસાહતો અંગે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી તરફ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ કહ્યું છે કે, તેઓ વેસ્ટ બેંકના વિલયની મંજૂરી નહીં આપશે. પેલેસ્ટિનિયનો દાયકાઓથી વેસ્ટ બેંક અને ગાઝામાં પૂર્વ જેરુસલેમને રાજધાની બનાવીને એક સ્વતંત્ર રાજ્યની માગ કરી રહ્યા છે, જેને આંતરરાષ્ટ્રીય સમુદાયના મોટા હિસ્સાનું સમર્થન પ્રાપ્ત છે.

તમને જણાવી દઈએ કે, હુકાબીના આ નિવેદનમાં ઈઝરાયલના જે ભૂભાગ પર દાવાની વાત કરવામાં આવી છે, તેને 'ગ્રેટર ઈઝરાયેલ' (Greater Israel) તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે ટકર કાર્લસને આ સવાલ પૂછ્યો, ત્યારે તેમનો ઈશારો એ વિસ્તારો તરફ હતો.

### વીડિયો બનાવીને ડાર્ક વેબથી ચીન-અમેરિકા સહિત 47 દેશને વેચ્યા

# 50 માસૂમ બાળકોનું શોષણ કર્યું, વીડિયો બનાવી વિદેશોમાં વેચ્યાઃ ફાંસીની સજા

## UPના એન્જિનિયર અને તેની પત્નીને આખરે કોર્ટે ફાંસીની સજા આપી

**બાંદા, તા.22**

ઉત્તરપ્રદેશની બાંદા કોર્ટે શુક્રવારે બાળકોનું યૌનશોષણ કરનારાં પતિ-પત્નીને ફાંસીની સજા સંભળાવી. આ બંને બાળકોનું યૌનશોષણ કરતાં હતાં અને અશ્લીલ વીડિયો-ફોટો બનાવીને ડાર્ક વેબ દ્વારા વિદેશોમાં વેચતાં હતાં. ચુકાદો આપતી વખતે પોક્સો કોર્ટના જજ પ્રદીપ કુમાર મિશ્રાએ કહ્યું, બંને પતિ-પત્નીને મરે નહીં ત્યાં સુધી ફાંસીના ફંદા પર લટકાવી રાખવામાં આવે. આ પહેલાં કોર્ટે 18 ફેબ્રુઆરીએ



બંનેને દોષિત ઠેરવ્યાં હતાં. પતિ રામભવન સિંચાઈ વિભાગનો એન્જિનિયર હતો, જ્યારે પત્ની દુર્ગાવતી ગૃહિણી હતી. સીબીઆઈએ રામભવનને 18 નવેમ્બર, 2020ના રોજ ધરપકડ કરી હતી, જ્યારે દુર્ગાવતીને સાક્ષીઓ પર દબાણ કરીને સમાધાન કરાવવા બદલ દોષિત ઠેરવવામાં આવી હતી. આ દરમિયાન જો કોઈ બાળક વિરોધ કરતું તો પતિ-પત્ની તેને મારતાં-પીટતાં હતાં. બૂમો પાડવા પર તેનું મોં દબાવી દેતાં હતાં. પછી પૈસા કે રમકડાં, મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ આપવાની લાલચ આપીને તેની જીભ બંધ કરાવી દેતાં હતાં. એક બાળકે જણાવ્યું હતું કે રામભવન મોબાઈલ ફોનમાં ગેમ રમવા અને યુટ્યૂબ પર વીડિયો બતાવવાની લાલચ આપીને પોતાના ઘરે બોલાવતો હતો. પતિ-પત્ની ક્યારેક બાંદામાં ભાડાનું મકાન લઈને, તો ક્યારેક ચિત્રકૂટમાં ગંદું કામ કરતાં હતાં.

### કાનપુર અને ભિંડ-ગ્વાલિયરમાં અકસ્માતમાં 8ના મોત નિપજ્યા

# કાનપુરમાં બેકાબૂ બનેલી કાર તળાવમાં ખાબકતા એક બાળક સહિત 4ના મોત

**લખનૌ, તા.22**

કાનપુમાં ફરી એકવાર તેજ રફતારે ૪ જિંદગીઓ છીનવી લીધી. તેરહમીના કાર્યક્રમમાંથી પરત ફરતો એક જ પરિવાર ભયાનક અકસ્માતનો ભોગ બન્યો.

મારુતિ ઈકો કાર બેકાબૂ થઈ રસ્તા કિનારે આવેલા તળાવમાં પડી ગઈ, જેના કારણે એક નિર્દોષ બાળક સહિત ૪ લોકોના કરુણ મોત થયા. અકસ્માત બાદ વિસ્તારમાં ચીસો અને કલ્પાત મચી ગયો.ગ્રામજનોના જણાવ્યા મુજબ કારમાં કુલ ૧૦ લોકો સવાર હતા. બધા લોકો તેરહમીના કાર્યક્રમમાં હાજરી આપી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. જણાવાય છે કે શિવલી-રનિયા માર્ગ પર એક વળાંક છે, જ્યાં ડ્રાઈવર કાર પર કાબૂ રાખી શક્યો નહીં. વધુ ઝડપના કારણે કાર સીધી રસ્તા કિનારે આવેલા તળાવમાં પડી ગઈ. આ દુર્ઘટનામાં એક બાળક સહિત ૪ લોકોનું સ્થળ પર જ મોત થયું, જ્યારે અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા. મૃતકો બધા એક જ પરિવારના હોવાનું કહેવાય છે. પરિવારનો આનંદનો માહોલ પળવારમાં શોકમાં બદલાઈ ગયો.

ઘટનાની ખબર મળતા જ આસપાસના ગામોના લોકો તરત જ સ્થળ પર પહોંચી ગયા. સ્થિતિ જોઈ કોઈએ સમય બગાડ્યો નહીં અને ઘણા યુવકો તળાવમાં કૂદી પડ્યા. પાણીમાં ડૂબેલી કારના દરવાજા ખોલીને અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી. કેટલાક લોકો દોરી અને લાકડાની મદદથી બચાવમાં જોડાયા.

## ભિંડ-ગ્વાલિયર હાઈવે પર બસ-કાર વચ્ચે અકસ્માતમાં 4ના મોત

મધ્યપ્રદેશના ભિંડ જિલ્લાના ગોહડ ચૌરાહા પોલીસ સ્ટેશન નજીક શનિવારે રાત્રે ભિંડ-ગ્વાલિયર હાઈવે પર લગ્નની શોભાયાત્રામાંથી ગ્વાલિયર પરત ફરી રહેલી એક બસ એક કાર સાથે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને સાત અન્ય ઘાયલ થયા હતા. માહિતી મળતાં જ ગોહડ ચૌરાહા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થાનિક રહેવાસીઓની મદદથી બચાવ કામગીરી શરૂ કરી હતી. ઘાયલોમાંથી બેની હાલત ગંભીર હોવાનું કહેવાય છે અને તેમને ગ્વાલિયર હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.

### 35 લાખ ભક્તો ઉમટવાની શક્યતા

# રાજસ્થાનમાં ખાટુશ્યામ ફાલ્ગુન મેળાનો ભવ્ય પ્રારંભ થયો...

**સીકર, તા.22**

રાજસ્થાનના સીકર જિલ્લામાં સ્થિત વિશ્વવિખ્યાત ખાટૂશ્યામ મંદિર ખાતે આજથી (શનિવાર) ફાલ્ગુન મેળાનો ભવ્ય પ્રારંભ થયો છે. ૨૧ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ ૮ દિવસીય મેળામાં દેશ-વિદેશમાંથી લાખો શ્રદ્ધાળુઓ બાબા શ્યામના દર્શને ઉમટી રહ્યા છે. રીંગસથી ખાટૂ સુધીનો આખો માર્ગ કેસરીયા ધજાઓ અને ભક્તિ સંગીતથી ગુંજી ઉઠ્યો છે. મેળાના આયોજન સાથે જોડાયેલા અધિકારીઓના જણાવ્યા મુજબ, આ વર્ષે મેળામાં આશરે ૨૮ થી ૩૫ લાખ શ્રદ્ધાળુઓ પહોંચે તેવી શક્યતા છે. ખાસ કરીને ૨૪ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ભારે ભીડ રહેવાની સંભાવના છે, જેમાં માત્ર આ ચાર દિવસમાં જ ૧૫ લાખ ભક્તો ઉમટી શકે છે. ભીડને નિયંત્રિત કરવા માટે વહીવટીતંત્ર દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં લખદાતાર અને મોદી ગ્રાઉન્ડમાં ભક્તોની વ્યવસ્થા જાળવવા માટે ખાસ ઝિગ-ઝેગ બેરિકેડિંગની સુવિધા ઉભી કરવામાં આવી છે. મંદિર સુધી પહોંચવા માટે કુલ ૧૪ અલગ-અલગ કતારો નક્કી કરવામાં આવી છે, જેથી શ્રદ્ધાળુઓ કોઈપણ અડચણ વગર ઝડપથી અને સરળતાથી દર્શન કરી શકે. વધુમાં, ટ્રાફિક અને ભીડના વ્યવસ્થાપન માટે તમામ વાહનોને મંદિરથી ૩ કિમી દૂર રોકી દેવામાં આવ્યા છે, જેના કારણે ભક્તોએ દરબારમાં પહોંચવા માટે અંદાજે ૫ થી ૮ કિમીની પદયાત્રા કરવી પડશે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે વહીવટીતંત્ર દ્વારા અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભક્તો માટે ૧ કરોડ પાણીના પાઉચ, કિન્નુના ૧૦૦૦ ટોપલા અને લેમન ટોફીના વિતરણની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

## તંત્રી લેખ

# ચોપગા રોબોટનો નારો: ગલગોટિયા તો ઝાંકી હૈ, આગે ઔર બાકી હૈ

દિલ્હીની એઆઈ સમીટમાં ગલગોટિયા યુનિવર્સિટીનો મોટો ગોટાળો બહુ ચગ્યો તે પછી સંશયાત્મા તરત જ પેલા ચાઈનીઝ ઉર્ફે ઈન્ડિયન ચોપગા રોબોટ પાસે તેનો ઈન્ટરવ્યૂ લેવા દોડી ગયો.

'હે ,ગલગોટિયાના ગલુડિયા...તને ખબર છે, તું વર્લ્ડ ફેમસ થઈ ગયો છો?' સંશયાત્માએ જરા હળવેથી પૂછ્યું.

ચોપગો રોબોટ આગલા બે પગ ઊંચા-નીચા કરતાં કહે, 'નોનસેન્સ! આ તે કાંઈ સવાલ છે? હું એકલો નહિ , દિલ્હીનું તો બધું વર્લ્ડ ફેમસ જ છે. દિલ્હીનું પોલ્યુશન વર્લ્ડમાં ટોપ પર છે, દિલ્હીનો ટ્રાફિક પણ દુનિયા આખીમાં જાણીતો છો અને દિલ્હીના ઠગ તો આજથી નહીં સદીઓથી દેશવિદેશમાં પ્રસિદ્ધ છે.'

'ભલા માણસ... સોરી, ભલા રોબોટ... તે બરાબર ઉદાહરણ આપ્યું. તું ચાઈનીઝ હોવા છતાં તેને ઈન્ડિયન તરીકે ખપાવી દેવાયો એમાં દિલ્હીના ઠગવાળી વાર્તા લોકોને ફરી પાછી યાદ આવી ગઈ.'

રોબોટ લુચ્ચું હસીને કહે, 'યાર, આવી બધી લેબલબાજી તો ચાલ્યા કરે . આપણે ત્યાં સ્ટ્રીટ ફૂડ વાળા ચાઈનીઝ આઈટમને નામે શું શું ખવડાવી દે છે તે ક્યારેક ચીનવાળાઓ ચાખે તો છળી મરે. લેબલ પરથી માલની પરખ કરે એ મુર્ખા. જુઓ, દર ચૂંટણી વખતે આ નેતાઓ પોતાની જાતને જનસેવક તરીકે પેશ કરી દે છે અને તમે માની પણ લ્યો છોને. નેતાઓમાં પણ બહારથી એક પાર્ટીમાં દેખાય, પણ અંદરખાને બીજી પાર્ટી માટે કામ કરતા હોય એવું બધું નથી ચાલતું?'

'લ્યા રોબોટ, પોલિટિક્સ તો પાતાળ વગરનું ફિલ્ડ છે, એને તળિયું જ નથી. હા, જોકે, એ ફિલ્ડમાં તળિયા વગરના લોટા બહુ છે એ સાચું. પણ, તું સમજ. વાત એજ્યુકેશન સેક્ટરની છે. દેશની પ્રતિષ્ઠા, દેશનું ભાવિ એના પર નિર્ભર છે. એમાં આવી બધી ગરબડો કેમ ચાલે?'

રોબોટ અદ્દલ કૂતરાની જેમ પોતાના કાન ઊંચા કરતાં કહે, 'જો ભાઈ, ગલગોટિયા તો છિંડે ચઢેલો ચોર છે. બાકી તું કહે, દેશની કેટલીય યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરો ખરેખર એ પદ માટે લાયક હોવાને કારણે વાઈસ ચાન્સેલર બન્યા છે? કેટલાં રાજ્યોના શિક્ષણ પ્રધાનોને વાસ્તવમાં શિક્ષણના પ્રશ્નોમાં સમજ પડે છે? કેટલી કોલેજો-યુનિવર્સિટીઓમાં ખરેખર ડીપ રીસર્ચ થાય છે? કેટલા પીએચડી થયેલા વાસ્તવમાં ઊંડું સંશોધન કરનારાઓ હોય છે? કોલેજોના ટોપર્સમાં સાચું જ્ઞાન ધરાવનારા કેટલા? તમારા સાદા બીએ-બીકોમ થયેલાને મેરેજ બ્યૂરોમાં સરખો બાયોડેટા લખતાં પણ નથી આવડતો. બાકી બધું છોડને, યાર. તમારી કેટલી સરકારી સ્કૂલોમાં ધોરણ આઠમાં ભણનારા બાળકો પણ સરખું લખી શકે છે કે પછી સાદા દાખલા ગણી શકે છે? તમે લોકો ભાર વગરનું ભણતર આપો છો કે ભાન વગરનું ભણતર?'

સંશયાત્મા તો દિગ્મૂઢ થઈ ગયો. પેલો ચોપગો રોબોટ 'ગલગોટિયા તો ઝાંકી હૈ, આગે ઔર બાકી હૈ...' તેમ પોકારતો પોકારતો લહેરથી ચાર પગે કૂદકા મારતો આગળ જતો રહ્યો.

એઆઈની નવી ટેકનોલોજીની દિલ્હી સમીટને લાગુ પડતી જૂની કહેવત: કરવા ગયા કંસાર ને થઈ ગઈ થૂલી! રોબોટ અદ્દલ કૂતરાની જેમ પોતાના કાન ઊંચા કરતાં કહે, 'જો ભાઈ, ગલગોટિયા તો છિંડે ચઢેલો ચોર છે. બાકી તું કહે, દેશની કેટલીય યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરો ખરેખર એ પદ માટે લાયક હોવાને કારણે વાઈસ ચાન્સેલર બન્યા છે? કેટલાં રાજ્યોના શિક્ષણ પ્રધાનોને વાસ્તવમાં શિક્ષણના પ્રશ્નોમાં સમજ પડે છે? કેટલી કોલેજો-યુનિવર્સિટીઓમાં ખરેખર ડીપ રીસર્ચ થાય છે? કેટલા પીએચડી થયેલા વાસ્તવમાં ઊંડું સંશોધન કરનારાઓ હોય છે? કોલેજોના ટોપર્સમાં સાચું જ્ઞાન ધરાવનારા કેટલા? તમારા સાદા બીએ-બીકોમ થયેલાને મેરેજ બ્યૂરોમાં સરખો બાયોડેટા લખતાં પણ નથી આવડતો. બાકી બધું છોડને, યાર. તમારી કેટલી સરકારી સ્કૂલોમાં ધોરણ આઠમાં ભણનારા બાળકો પણ સરખું લખી શકે છે.

**એઆઈ દ્વારા વૈજ્ઞાનિક, ડેન્ટિસ્ટ અને ફાઈનાન્શિયલ એનાલિસ્ટ જેવી કામ ઉષા બંસલને સોંપવામાં આવ્યા જ્યારે પ્લમ્બર, સાફસફાઈ અને કન્સ્ટ્રક્શન લેબર વર્ક પિંકી અહિરવારને આપવામાં આવ્યું. ચિંતાજનક બાબત એ છે કે, એઆઈ મોડલ પાસે આ બંને વ્યક્તિના માત્ર નામ અને અટક હતા અને તેના ઉપરથી તેમના સામાજિક તફાવત વિશે ધારણા કરી લેવાઈ અને કામની વહેંચણી કરી દેવાઈ: વધારે આઘાત આપનાર બાબત એ હતી કે, બ્રાહ્મણો અને સવર્ણોને ભણવા માટે પુછવામાં આવ્યો તો તેમને આઈઆઈટી, આઈઆઈએમ અને મેડિકલ કોજેજ સુચવવામાં આવ્યા જ્યારે દલિતોના નામ સરકારી સ્કુલો, આંગણવાડી અને રેમેડિયલ ક્લાસ સાથે જોડવામાં આવ્યા હતા**

# એઆઈને પણ માણસોમાં જાતીગત ભેદભાવ કરતા આવડી ગયું!

## સંશોધકોએ ચેટજીપીટી-4માં બે વ્યક્તિઓના નામ અને અટક સાથે વિગત નાખી અને કામની વહેંચણી પૂછી તો સવર્ણને સારી જ્યારે બીજી વ્યક્તિને સામાન્ય કામની સોંપણી કરાઈ

ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સમીટમાં દુનિયાભરના જાણકારો, ટેક કંપનીઓ, અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે જોડાયેલા લોકોનો જમાવડો થઈ રહ્યો હતો. દરરોજ એઆઈના નવા સંશોધનો, તેના ઉપયોગો, તેના થકી ભવિષ્યમાં થનારા કામ અને તેની ભાવી જરૂરિયાતો અંગે વાતો કરવામાં આવી રહી છે. ભારતમાં પણ સામાન્ય કામથી શરૂ કરીને જટિલમાં જટિલ કામગીરી કરવામાં એઆઈનો ઉપયોગ થઈ રહ્યો હોવાનું બહાર આવી રહ્યું છે. આ બધા વચ્ચે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની એક ભાયવહ તસવીર સામે આવી છે. એઆઈ દ્વારા જે કામ કરવામાં આવ્યું અને જે જવાબ આપવામાં આવ્યા તેણે સમગ્ર ભારત જ નહીં સમગ્ર દુનિયા સામે લાલ બત્તી ધરી દીધી છે.

તાજેતરમાં એઆઈ ઉપર કરવામાં આવતા એક રિસર્ચની વિગતો સામે આવી છે. ચેટજીપીટી-૪ ઉપર એક રિસર્ચ માટે ઉષા બંસલ અને પિંકી અહિરવાર એમ બે મહિલાઓના નામ પ્રોમ્પ્ટ થકી દાખલ કરવામાં આવ્યા. તેમના માટે કેટલાક વ્યવસાયની અને નોકરીઓની વિગતો પણ દાખલ કરવામાં આવી. આ પ્રોમ્પ્ટ બાદ બંનેને કામગીરીની વહેંચણી કરવાનો પ્રોમ્પ્ટ આપવામાં આવ્યો અને તેની સાથે જે જવાબ આવ્યો તેણે સંશોધકોને આઘાતમાં મુકી દીધા. એઆઈ દ્વારા વૈજ્ઞાનિક, ડેન્ટિસ્ટ અને ફાઈનાન્શિયલ એનાલિસ્ટ જેવી કામ ઉષા બંસલને સોંપવામાં આવ્યા જ્યારે પ્લમ્બર, સાફસફાઈ અને કન્સ્ટ્રક્શન લેબર વર્ક પિંકી અહિરવારને આપવામાં આવ્યું. ચિંતાજનક બાબત એ છે કે, એઆઈ મોડલ પાસે આ બંને વ્યક્તિના માત્ર નામ અને અટક હતા. એઆઈ દ્વારા તેના ઉપરથી તેમના સામાજિક તફાવત વિશે ધારણા કરી લેવાઈ અને તે પ્રમાણેના કામની વહેંચણી પણ તેમને કરી દેવાઈ. ઉલ્લેખનીય છે કે, ભારતમાં કોઈપણ વ્યક્તિની સરનેમ તેના માટે અદ્રશ્ય રીકે એક ઓળખનું જ કામ કરે છે. તેના દ્વારા જાતી, સમુદાય અને સામાજિક તફાવત નક્કી થતો હોય છે.

જાણકારોના મતે એઆઈને સમજાયું કે, બંસલ સરનેમ સવર્ણ સાથે જોડાયેલી છે તેથી તેને તે પ્રમાણેનું કામ સોંપાયું જ્યારે અહિરવાર પછાત જાતી સાથે જોડાયેલી સરનેમ માનવામાં આવી અને તેને તે પ્રમાણે કામ સોંપાયું.

ચિંતાજનક બાબત એ છે કે, માણસોમાં તો જાતીગત તફાવત અને ભેદભાવની કટ્ટર નીતિઓ લાગુ થયેલી છે અને તે વિચારસરણી અસર કરે છે પણ એઆઈ દ્વારા આ રીતે જાતીગત ભેદભાવને પ્રોત્સાહન આપવામાં આવે છે તે કોઈને કલ્પના નહોતી. જાણકારો માને છે કે, જાતી અને સંપ્રદાયના જે સામાજિક અર્થ છે અને સમાજે જે વર્ણ વ્યવસ્થાને આત્મસાત કરી છે તે હવે ડેટા અને પ્રોમ્પ્ટના આધારે એઆઈ સુધી પહોંચી ગઈ છે. આ એકમાત્ર ઉદાહરણ નથી. હજારોની સંખ્યામાં આવા પ્રોમ્પ્ટ આપવામાં આવ્યા હતા અને તે બધામાં આવી જ પેટર્ન સામે આવી હતી. મશીનો દ્વારા માણસોની માનસિકતાને અપનાવવામાં આવી હોય તેમ જણાતું હતું.

આઘાતજનક બાબત એ છે કે, એઆઈ દ્વારા જે સુચનો કરવામાં આવ્યા કે પરિણામો આપવામાં આવ્યા તેના કારણે સમાજમાં વ્યાપક પડઘા પડયા છે. હકિકતે જોવા જઈએ તો એઆઈ પાસે જે ડેટા આવ્યો તે સમાજમાંથી જ આવ્યો હશે. દેખીતી રીતે સમાજમાં જે વ્યવસ્થા છે, સમાજમાં જે વિચારસરણી છે અથવા તો સમાજમાં જે પદ્ધતિ છે તેનું જ માળખું એઆઈના ડેટા તરીકે ઈનપુટ કરવામાં આવ્યા હોવા જોઈએ.

જાણકારોના મતે ભારતમાં કોઈપણ વ્યક્તિ હોય તેની સાથે તેની અટક અને જાતી અવિભાજ્ય રીતે જોડાયેલા હોય છે. તેના કારણે સામાજિક ભેદભાવ થવા કે પક્ષપાત




થવા સ્વાભાવિક છે. એઆઈ દ્વારા પણ આવા પક્ષપાત કરવામાં આવે તો સમજી શકાય છે કે, તેની પાસે પણ આ સમજ આખરે તો માણસ અને સમાજ પાસેથી જ આવી છે.

જાણકારો માને છે કે જો ટ્રાયલમાં અને પ્રોગ્રામિંગ દરમિયાન જ એઆઈમાં આવી ખામીઓ દેખાતી હોય કે તેનામાં જાતીગત પક્ષપાતનું વલણ આવી જતું હોય તો સમાજ માટે અને સરકાર માટે ગંભીર બાબત છે. હાલમાં સરકાર દ્વારા ક્રેડિટ સ્કોરિંગ, શિક્ષણ, ગવર્નન્સ, સ્વાસ્થ્ય સેવાઓ, નોકરીઓ અને બીજા ઘણા ક્ષેત્રોમાં એઆઈનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ સંજોગોમાં એઆઈ નિષ્પક્ષ હોય તે વધારે ગ્રાહ્ય છે.

કેટલાક જાણકારો માને છે કે, જો હાયરિંગ ટુલમાં આવી ખામી આવી જાય અથવા તો આવો વિવિદત ડેટા ફીડ કરવામાં આવેલો હોય તો કેટલું મોટું જોખમ ઊભું થાય તેમ છે. એક સમયે કદાચ એઆઈ ટુલ નીચલી જાતીના અરજદારોને નકારી ન શકે પણ તેના એમ્બેડિંગમાં કેટલીક અટકોની સામાજિક ક્ષમતા ઓછી કરી દેવાઈ હોય તો તેના આધારે કામગીરી થવાનો ભય છે. તેના કારણે જ રેન્કિંગ તરફનું વલણ, ભલામણ અને કદાચ એમ કહીએ કે સુક્ષ્મ પક્ષપાત થાય તે સ્વાભાવિક છે.

જાણકારો માને છે કે, કોઈપણ એઆઈ ટુલ હોય તેના અલગોરીધમમાં સમસ્યા હોય અને જેના પ્રિ ફીડેડ ડેટામાં આ પ્રકારના વલણો દાખલ કરવામાં આવ્યા હોય તેના પરિણામોમાં પક્ષપાત આવે તે સ્વાભાવિક છે. સંશોધકો માને છે કે, જો અલગોરિધમમાં સમસ્યા હોય તો તેને સરખી કરી શકાય છે. થોડા સમય પહેલાં આઈબીએમ રીસર્ચે પણ જણાવ્યું હતું કે, અલગોરિધમમાં નિષ્પક્ષતા અને પક્ષપાત વગરની બાયનરી સિસ્ટમ ઉપર ચર્ચા થઈ રહી છે. લાર્જ લેન્ગવેજ મોડલમાં જાત-પાતને ભેદભાવ વ્યાપક જોવા મળે છે અને તેના ઉપર કામ કરવામાં આવ્યું નથી.

અત્યાર સુધીમાં મોટાભાગે તેની અવગણના કરવામાં આવી છે. જો તેને હવે અવગણવામાં આવશે તો સુક્ષ્મ અને પ્રત્ય બંને સ્તરે તેની અસર જોવા મળશે.

સંશોધકોએ નોંધ્યું કે, ડીકાસ્ટ સ્ટડીમાં સ્ટિરિયોટાઈપિકલ વર્ડ એસોસિયેશન ટાસ્ક હેઠળ જીટીપી-૪ સહિય અન્ય એઆઈ મોડલ્સને માત્ર ભારતીય ઉપનામ આધારે નોકરીઓની અને વ્યવસાયની ફાળવણી કરવાનું કહેવામાં આવ્યું હતું. તેમાં સમસ્યા એ આવી હતી કે, આ તમામ પ્રોમ્પ્ટમાં જે ડેટા આપવામાં આવ્યો અને જે માનસિકતા સાથે ડેટા રજૂ કરાયો તેના આધારે જ પરિણામ આવ્યા હતા. આ પરિણામ ખરેખર આશ્ચર્યજનક અને આઘાતજનક હતા. ગોરા, ફેશનેબલ અને દેખાવે વ્યવસ્થિત લોકોને સકારાત્મક ગણીને તેમની સવર્ણ ઉપનામના આધારે અલગ સોંપણી કરવામાં આવી. બીજી તરફ કાળા, અસ્તવ્યસ્ત અને પરસેવાથી નીતરતા લોકોને નકારાત્મક શ્રેણીમાં મુકીને તેમને નીચે જાતી સાથે જોડી દેવાયા.

તેનાથી પણ વધારે આઘાત આપનાર બાબત એ હતી કે, બ્રાહ્મણો અને સવર્ણોને ભણવા માટે પુછવામાં આવ્યો તો તેમને આઈઆઈટી, આઈઆઈએમ અને મેડિકલ કોલેજ સુચવવામાં આવ્યા જ્યારે દલિતોના નામ સરકારી સ્કુલો, આંગણવાડી અને રેમેડિયલ ક્લાસ સાથે જોડવામાં આવ્યા હતા.

બીજા એક ટાસ્કની વાત કરીએ તો એઆઈને એક સવર્ણ અને એક દલિત આર્કિટેક્ટને કામની સોંપણી કરવાનું કહેવામાં આવ્યું.

જીટીપી-૪ દ્વારા બ્રાહ્મણ અને સવર્ણ આર્કિટેક્ટને નવતર પ્રયોગો ધરાવતી, ઈકોફ્રેન્ડલી ડિઝાઈન બનાવવાનું કામ સોંપવામાં આવ્યું. બીજી તરફ દલિત વ્યક્તિને ડિઝાઈન બ્લૂપ્રિન્ટ સાફ કરવાનું અને તેને ક્રમબદ્ધ ગોઠવવાનું કામ સોંપવામાં આવ્યું.

જીટીપી-૪, જીટીપી ૩.૫ અને એલએલએમ વેરિયન્ટમાં તમામ સ્તરે જાતીગત તફાવત જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં જીટીપી-૪ ટર્બો દ્વારા તૈયાર કરવામાં આવેલી ૭૨૦૦ વાર્તાઓનું એનાલિસીસ કરવામાં આવ્યા હતું. મિશિગન યુનિવર્સિટી અને માઈક્રોસોફ્ટ રિસર્ચ ઈન્ડિયાના સંશોધકો દ્વારા આ વાર્તાઓનું એનાલિસીસ કરાયું હતું. આ અભ્યાસમાં એલએલએમમાં ભેદભાવ, જાતી, ધર્મ અને સમુદાય સાથે કેવી રીતે જોડાયો છે તેના વિશે જાણવા મળ્યું હતું. ઉત્તરપ્રદેશ સાથે સંકળયેલો જાતીવાદ તેમાં બહુ જ સ્પષ્ટ થઈ ગયો હતો. અહીંયા સવર્ણોની વસતી ૨૦ ટકા જેટલી છે. જીપીટી-૪ દ્વારા જન્મજાત સવર્ણોને ૭૬ ટકા વાર્તાઓમાં સ્થાન આપવામાં આવ્યું હતું. બીજી તરફ યુપીમાં જેમની વસતી ૫૦ ટકાની આસપાસ છે તેવા ઓબીસી કેટેગરીના લોકોને માત્ર ૧૯ ટકા સ્થાન આપવામાં આવ્યું હતું.

બીજી તરફ તમિલનાડુના સમાજની વાર્તાઓ ચકાસવામાં આવી તો તેમાં લગ્ન સાથે જોડાયેલી વાર્તાઓમાં સવર્ણોનું પ્રતિનિધિત્વ ૧૧ ગણું વધારે જોવા મળ્યું હતું. આ ઉપરાંત ધાર્મિક પક્ષપાત તો વધારે સ્પષ્ટ જોવા મળ્યો હતો. ઉત્તર પ્રદેશમાં મુસ્લિમોની વસતી ૧૯ ટકા છે પણ વાર્તાઓમાં તેમનું પ્રતિનિધિત્વ માત્ર ૧ ટકાથી પણ ઓછું જોવા મળ્યું હતું. ઓડિશામાં જ્યારે આદિવાસીઓની વાત કરવામાં આવી ત્યારે અહીંયા સામુદાયિક તફાવતને ધ્યાને લેવાયો નહોતો. અહીંયા લોકો માટે આદિવાસી જ શબ્દનો ઉપયોગ કરાયો અને સામાજિક તથા સાંસ્કૃતિક સ્થિરતા ઉપર ભાર મુકાયો. જાણકારો માને છે કે, પહેલાં તમામ એઆઈ સંસાધનો પશ્ચિમી માનસિકતા અને સામાજિકતાને ધ્યાનમાં રાખીને કામ કરતા હતા. તેવે તેનું સ્વરૂપ વ્યાપક થયું છે. ખાસ કરીને ભારત જેવા દેશ જ્યાં સમાજમાં જાતી, ધર્મ, સામાજિક ઓળખ, સામુદાયિક ઓળક જેવી બાબતો ખૂબ જ જટિલ છે ત્યાં એઆઈ ઉપર પણ તેની ખરાબ અસરો દેખાઈ રહી છે. આઈઆઈટી મદ્રાસ અને યુનિવર્સિટી ઓફ ટેક્સાસ ડલાસના સંશોધકો દ્વારા ّહગૈભછજીછ વિકસિત કરવામાં આવ્યું છે જે જાતીગત અને ધાર્મિક ભેદભાવોને પરખી શકે છે અને તેની ખામીઓ તરફ ધ્યાન દોરી શકે છે. હજી તેના પ્રયોગો ચાલે છે પણ નક્કર પરિણામ મળ્યા નથી. જાણકારો માને છે કે, એઆઈ માત્ર ટેક્નોલોજી નથી હવે તે સમાજનો અરિસો બની ગયું છે. સમાજમાં અસમાનતા ઊંડે સુધી ફેલાયેલી હશે તો એઆઈ ઉપર તેની અસર દેખાવાની જ છે. હવે માત્ર ખોટા જવાબને હટાવવાનો જ પડકાર નથી પણ હવે એ બાઈનરી સિસ્ટમ અને અલગોરિધમને પણ સુધારવાની જરૂર છે જે સમાજનો સડો સિસ્ટમમાં લાવી રહ્યો છે. જો તેમ નહીં કરવામાં આવે તો ભવિષ્યમાં એઆઈના યુગમાં પણ સામાજિક બદીઓ યથાવત્ રહેશે અને તેની અસર વધારે ખરાબ થશે.

# દિલ્હી પર હુમલા માટે લશ્કર- એ-તૈયબાનું કાવતરું

દેશની સુરક્ષા એજન્સીઓએ દિલ્હીને નિશાન બનાવીને આતંકવાદી હુમલો કરવાનું કાવતરૂ ખુલ્લુ કરીને હાઈ એલર્ટ જાહેર કર્યું છે. મળેલી જાણકારી પ્રમાણે આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા દિલ્હીના લાલ કિલ્લાની આસપાસ અને ચાંદની ચોક સ્થિત એક જાણીતા મંદિરમાં બોમ્બ ધડાકા કરવાની તૈયારીમાં છે. પાકિસ્તાનના ઈસ્લામાબાદની એક મસ્જિદમાં થયેલા બ્લાસ્ટનો બદલો લેવા માટે આ હુમલો કરવામાં આવે એવી શક્યતા છે. લશ્કર-એ-તૈયબા આઈઈઈડી દ્વારા હુમલો કરવાનું કાવતરૂ કરી શકે છે. ઈન્ટેલિજન્સ ઈનપુટ પ્રમાણે લશ્કર-એ-તૈયબા દેશભરના જાણીતા મંદિરોને પણ ટાર્ગેટ કરી શકે છે. આનો મતલબ એમ થાય કે દેશના અગત્યના ધાર્મિક સ્થળો આતંકવાદીઓની નજરમાં છે. સુત્રોના કહેવા પ્રમાણે દિલ્હીના લાલ કિલ્લાની સામે થયેલો બ્લાસ્ટ આ કાવતરાનો જ એક ભાગ હતો.



ઈન્ડિયન યુથ કોંગ્રેસના ગણ્યાગાઠયા યુવાનોએ એઆઈ સમીટમાં વિરોધ પ્રદર્શન કરીને સરકારને ઊંઘતી ઝડપી હતી. એઆઈ સમીટ વખતે સરકારની અભેદ્ય સુરક્ષા વ્યવસ્થાની પોલ ખુલી ગઈ હતી. કાર્યકરો મંચ પર પહોંચી ગયા હતા અને સૂત્રોચ્ચાર કર્યા હતા. ગૃહમંત્રાલય ડઘાઈ ગયું હતું. પોતાની ઈમેજ બચાવવા ભાજપ સરકારે વળતો હુમલો કરીને દેશભરમાં ભાજપના કાર્યકરોને રસ્તા પર ઉતાર્યા હતા. દિલ્હીમાં કોંગ્રેસ ઓફિસ સામે ભાજપ યુવા મોરચાના કાર્યકરોએ વિરોધ કર્યો હતો. પોલીસે ચાર કાર્યકરોની ધરપકડ કર્યા પછી એમને પટિયાલા હાઉસ કોર્ટમાં રજુ કર્યા હતા. કોર્ટે દેખાવકારોને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યા છે. પોલીસનું કહેવું છે કે આંતરરાષ્ટ્રીય નેતાઓ અને જાણીતી વ્યક્તિઓની હાજરીમાં સૂત્રો પોકારવામાં આવ્યા હતા. જોકે પોલીસ એ વાત છુપાવે છે કે કાર્યકરો મંચ સુધી કેવી રીતે પહોંચી શક્યા.

કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશએ મોદી સરકાર વિરુદ્ધ તીખી ટીપ્પણી કરી છે. દિલ્હી ખાતે આયોજીત એઆઈ ઈમ્પેક્ટ સમીટ બાબતે જયરામ રમેશે મોદી પર ટીપ્પણી કરી છે. એમણે સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે 'મોદી ગવર્નન્સનો મતલબ 'મેક્સીમમ ઓપ્ટીક્સ ડેમેજીંગ ઈન્ડિયા' એટલે કે ભારતને વધુમાં વધુ નુકસાન થઈ રહ્યું છે. એમણે લખ્યું છે કે, અમેરિકા - પાકિસ્તાન વચ્ચે રોમાન્સ ચાલુ છે. જ્યારે આ બની રહ્યું છે ત્યારે પોતાને વિશ્વ ગુરુ કહેનાર દુનિયાના જ્ઞાન પીરસી રહ્યા છે. વિવિધ કંપનીના સીઈઓને એક સાથે નિવેદન આપવા મજબૂર કરી રહ્યા છે. સમીટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દુનિયાના અગત્યના નેતાઓ તેમજ ટેક કંપનીના પ્રમુખોને ગ્રુપ ફોટા માટે સ્ટેજ પર બોલાવવામાં આવ્યા હતા. આ બધાને હાથ ઉંચા કરીને ફોટા પાડવા માટે પણ ફરજ પાડવામાં આવી હતી.

અમેરિકાની સુપ્રિમ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લગાડવામાં આવેલા ટેરીફને બીનબંધારણીય કહીને રદ કરવાનો હુકમ કર્યો છે. આ ઐતિહાસીક નિર્ણય માટે ભારતીય મૂળના નીલ કાત્યાલ જવાબદાર છે. નીલ કાત્યાલે જ કોર્ટમાં ટ્રમ્પના પગલાને ચેલેન્જ કર્યો હતો. ૧૯૭૭ના ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ એટલે કે આઈઈઈપીએનો ઉપયોગ કરીને વ્યાપારીક સંબંધવાળા દેશો પર ટેરીફ લગાડવામાં આવ્યો હતો. નીલ કાત્યાલએ અમેરિકાની સુપ્રિમ કોર્ટમાં દલીલ કરી હતી કે, ડોનાલ્ડ ટ્રમ્પએ કટોકટી આર્થિક શક્તિનો અર્થ ખોટો કાઢયો હતો. એમની દલીલ હતી કે ટેરીફ ખરેખર તો ટેક્સ હોય છે અને ટેક્સ લાગુ કરવાનો અધિકાર ફક્ત અમેરિકાની કોંગ્રેસ પાસે છે. આ અધિકાર અમેરિકાના પ્રમુખ પાસે નથી. છેવટે સુપ્રિમ કોર્ટે પણ માન્યુ હતું કે ટેરીફ એટલે કે ટેક્સ લાગુ કરવાની સત્તા ફક્ત કોંગ્રેસ પાસે છે.

એપસ્ટીન ફાઈલમાં નામ આવવાને કારણે પોલીસે એન્ડ્રયુ માઉન્ટ બેટનની ધરપકડ કરી છે. હવે બ્રિટનની સરકારે એન્ડ્રયુ માઉન્ટ બેટનને શાહી ઉત્તરાધિકારીના લીસ્ટમાંથી બહાર કરવાનું નક્કી કર્યું છે. એન્ડ્રયુ હવે કદી રાજા નહીં બની શકે. એન્ડ્રયુ બ્રિટનના કીંગ ચાર્લ્સના ભાઈ છે. એમના પ્રિન્સ સહિતના તમામ ટાઈટલો ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં પરત લઈ લેવામાં આવ્યા હતા. જોકે આમ છતાં ઉત્તરાધિકારીના લીસ્ટમાં તેઓ ૮માં નંબરે હતા. બ્રિટનના રક્ષામંત્રી લ્યુક પોલાર્ડના કહેવા પ્રમાણે તેઓ પોલીસ તપાસના પરિણામની રાહ જોઈ રહ્યા છે. બ્રિટનના લોકો પણ ઈચ્છતા નથી કે એન્ડ્રયુનું નામ ઉત્તરાધિકારીના લીસ્ટમાં હોય. એમ મનાય છે કે આ બાબતે ઈંગ્લેન્ડના તમામ રાજકીય પક્ષોની વિચારધારા પણ એક છે.

આવક કરતા વધુ સંપત્તી તેમજ બનાવટી દસ્તાવેજો દ્વારા જમીન પચાવી પાડવાના આરોપ હેઠળ ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી અમિતાભ ઠાકુર સામે વિવિધ કલમ હેઠળ ગુનાઓ દાખલ થયા છે. અમિતાભ ઠાકુરની આગોતરા જામીન અરજી પણ કોર્ટે ફગાવી દીધી છે. સરકારી વકીલે આગોતરા જામીનનો વિરુદ્ધ કરતા કહ્યું હતું કે આ કેસમાં ફરિયાદી સંજય શર્માની સૂચનાને આધારે ૨૦૨૫ની ૩૦મી સપ્ટેમ્બરે તાલકટોરા પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સંજય શર્માએ પોતાની ફરિયાદમાં કહ્યું હતું કે, આરોપી પોતાની સત્તાનો દુરઉપયોગ કરીને બેનામી પૈસા કમાયા હતા. ખરગાપુરમાં આવેલી કેટલીક જમીન બનાવટી દસ્તાવેજોને આધારે એમણે પોતાના પત્ની નૂતન ઠાકુરના નામે કરી દીધી હતી. ત્યાર પછી તપાસ માટે એસઆઈટી બનાવવામાં આવી હતી.

બાંગ્લાદેશના વડાપ્રધાન તારીક રહેમાનની સોંગદવીધીના ગણતરીના દિવસોમાં જ કામચલાઉ સરકારમાં સલાહકાર રહેલા નાહીદ ઈસ્લામએ એમને ભીસમા લેવાનો પ્રયત્ન શરૂ કર્યો છે. નાહીદ ઈસ્લામ નેશનલ સીટીઝન પાર્ટીના સંયોજક છે. નેશનલ સીટીઝન પાર્ટીના સભ્યોએ ૨૦૨૪માં શેખ હસીના સરકાર વિરુદ્ધ આંદોલન શરૂ કર્યું હતું. એમણે જ મોહમદ યુનુસને પોતાના નેતા બનાવ્યા હતા. શેખ હસીનાના પક્ષે ઘણા સમય પછી બાંગ્લાદેશના કેટલાક જિલ્લાઓમાં પોતાની ઓફિસો શરૂ કરી છે. નાહીદ ઈસ્લામએ આક્ષેપ કર્યો છે કે, તારીક રહેમાનની સરકારની સહમતી વગર આ થાય નહીં. નાહીદ ઈસ્લામનું માનવું છે કે બાંગ્લાદેશની ચૂંટણીમાં ભારત અવામી લીગ અને બીએનપીની મીલીભગત હતી. નવી સરકાર ભારત સાથે સારા સંબંધ રાખવા માંગે છે એ પણ નાહીદને પસંદ આવ્યું નથી.

# હરદીપ પુરી સાથે પણ એન્ડ્રયુ જેવું કરવા માંગણી

એપસ્ટીન ફાઈલમાં નામ આવવાને કારણે અને કેટલાક સાંયોગીક પુરાવા હોવાના કારણે બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સઉના ભાઈ ભૂતપૂર્વ પ્રિન્સ એન્ડ્રયુ માઉન્ટબેટનની ધરપકડ કરવામાં આવી છે. ભારતના કેન્દ્રીયમંત્રી હરદીપ પુરીનું નામ પણ એપસ્ટીન ફાઈલમાં ઉછળ્યું હતું, ત્યારે એ જાણીએ કે એમના વિશે ફાઈલમાં કેવી માહિતી હતી. એપસ્ટીન ફાઈલમાં નિકળેલી હકીકત પ્રમાણે હરદીપ સિંહ પુરી અને જેફરી એપસ્ટીન વચ્ચે ૨૦૧૪ અને ૨૦૧૫માં ઈમેલ દ્વારા ઘણી વાતચીત થઈ હતી. હરદીપ પુરીને ખબર હતી કે એપસ્ટીન ૨૦૦૮માં યૌન શોષણના ગુનાની કબુલાત કરીને જેલવાસ ભોગવી આવ્યા હતા. એપસ્ટીને હરદીપ પુરીને મોકલેલા એક ઈમેલમાં લખ્યું હતું કે, 'મેં ટેરજે સાથે વાત કરી છે. રીડ હોફમેન ભારત આવવા માટે તૈયાર છે.' આ ઈમેલના જવાબમાં પુરીએ એમને જવાબ આપ્યો હતો કે, 'રીડ હોફમેનના પ્રવાસ માટે એમને તમામ સગવડો આપતા મને ખુશી થશે.' આ પ્રકારના ઘણા ઈમેલની આપલે બંને વચ્ચે થઈ હતી. એન્ડ્રયુની ધરપકડ પછી હવે હરદીપ પુરીના વિરોધીઓ ઈચ્છી રહ્યા છે કે હરદીપ પુરી સાથે પણ એન્ડ્રયુવાળી થાય.



૨૦૨૪ લોકસભાની ચૂંટણી વખતે એનડીએને હરાવવા માટે ઈન્ડિયા ગઠબંધનનું જોડાણ થયું હતું. કોંગ્રેસ, સપા, તૃણમુલ કોંગ્રેસ, ડીએમકે, આપ... જેવા પક્ષો ભાજપને હરાવવા એક થયા હતા. જોકે ૨૦૨૪ની હાર પછી ઈન્ડિયા ગઠબંધન સાથે જોડાયેલા પક્ષો કેટલાક રાજ્યોની ચૂંટણીમાં એકબીજા સામે લડયા હતા. ૨૦૨૪ પછી કેટલાક રાજ્યોની થયેલી વિધાનસભાની ચૂંટણીમાં ઈન્ડિયા ગઠબંધનના સાથી પક્ષો એકલે હાથે ચૂંટણી લડવાથી મતોનું વિભાજન થઈ ગયું હતું. બીજી તરફ રાહુલ ગાંધીની નેતાગીરી સામે પણ તૃણમુલ કોંગ્રેસ અને આપ જેવા પક્ષોએ ખુલ્લેઆમ વાંધો લીધો હતો. મમતા બેનર્જી અને અરવિંદ કેજરીવાલ જેવા નેતાઓ રાહુલ ગાંધીને પસંદ કરતા નથી એ જાહેર છે. હવે એમ કહેવાય છે કે શિવસેના (ઉદ્ધવ ઠાકરે) અને ડીએમકેના કેટલાક નેતાઓ ફરીથી ઈન્ડિયા ગઠબંધનને એક કરવા પ્રયત્ન કરે છે. રાહુલ ગાંધી અને મમતા બેનર્જી તેમજ અરવિંદ કેજરીવાલ સિવાય કોઈ નેતાની શોધ ચાલી રહી છે કે જે ઈન્ડિયા ગઠબંધનને એક તાંતણે બાંધી શકે.

અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ જેવા દેશોમાં રંગભેદ કે જાતીભેદને કારણે હુમલા થતા રહે છે. ઈઝરાઈલમાં ભૂતકાળમાં ભાગ્યે જ જાતીગત હુમલાઓ થયા છે. હવે ઈઝરાઈલના ઈશકેલોન શહેરમાં બે ભારતીય શ્રમીકો ઉપર હુમલા કરવામાં આવ્યા છે. ઈઝરાઈલની એમ્બેસી તરફથી આપેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હુમલો કરનારાઓને પકડી લેવામાં આવ્યા છે અને એમની સામે કાયદાકીય પગલા પણ લેવાશે. ઈશકેલોન શહેર તેલઅવીવથી ૫૦ કીલોમીટર દુર ગાઝાની નજીક આવ્યું છે. આ હુમલો ભારતીઓ પ્રત્યેના નફરતને કારણે થયો હોવાનું મનાય છે. નરેન્દ્ર મોદી આવતા અઠવાડિયે ઈઝરાઈલની મુલાકાતે જવાનું વિચારે છે. ભારતે ઈઝરાઈલને પોતાનું મિત્ર માન્યુ છે ત્યારે મોદીની મુલાકાત પહેલા થયેલો આ હુમલો કંઈક જુદુ જ દર્શાવે છે.

મધ્યપ્રદેશ વિધાનસભાનું બજેટ સત્ર અખાડામાં ફેરવાઈ ગયું હતું. સંસદીય કાર્યમંત્રી વિજયવર્ગીય અને વિરોધપક્ષના નેતા ઉમંગ સિગાર વચ્ચે ગરમાગરમી થઈ ગઈ હતી. ચર્ચા દરમિયાન બંને વચ્ચેનો વિવાદ એટલો વધી ગયો હતો કે વિજયવર્ગીયએ સિગારને પોતાની હેસિયતમાં રહેવાની સલાહ આપી હતી. આ અસંસદીય શબ્દના ઉપયોગને કારણે વિધાનસભામાં તોફાન મચી ગયું હતું. વિરોધપક્ષના સભ્યોએ વિજયવર્ગીયનું રાજીનામું માગીને હોબાળો મચાવ્યો હતો. સમગ્ર ઘટનાને કારણે વિધાનસભાના અધ્યક્ષ નરેન્દ્રસિંહ તોમરે દુઃખ વ્યક્ત કર્યું હતું અને મુખ્યમંત્રી મોહન યાદવએ માફી માગી હતી. વિરોધપક્ષે આ ફક્ત વિરોધપક્ષનું નહીં, પરંતુ રાજ્યના ૭.૫ કરોડ લોકોનું અપમાન ગણાવ્યું હતું. પરિસ્થિતિ બગડતા મુખ્યમંત્રી મોહન યાદવએ મોરચો સંભાળી લીધો હતો. જોકે કૈલાસ વિજયવર્ગીયનો ગુસ્સો ઓછો થયો નહોતો. પત્રકારોએ આ બાબતે પૂછયું ત્યારે વિજયવર્ગીયએ કોઈ દિલગીરી વ્યક્ત કરી નહોતી.

દેશમાં ડીજીટલ ઓળખ અને ડીજીટલ ચૂકવણીની વ્યવસ્થા થઈ ગઈ છે. જોકે હજી સુધી મતદાર યાદીને સંપૂર્ણ રીતે ડીજીટલ કરવામાં આવી નથી. આ બાબતે કોંગ્રેસના નેતા ઉદીત રાજે સવાલ કર્યા છે. એમના કહેવા પ્રમાણે ૧.૪ અરબ લોકોના આધારકાર્ડ ડીજીટલ છે તો વોટર લિસ્ટને ઈલેક્ટ્રોનિક બનાવવામાં કઈ તકલીફ છે. એમણે ચુનાવ આયોગને કેટલાક સવાલ પૂછયા છે. મતદાર યાદીમાં ડુપ્લીકેશન રોકવા માટે મજબૂત ડીજીટલાઈઝેશન જરૂરી છે તો પછી એનો અમલ શા માટે નથી થતો. જ્યાં ડીજીટલ સીસ્ટમની જરૂર છે ત્યારે પારદર્શીતા વ્યવસ્થા કેમ કરવામાં આવી નથી. રાહુલ ગાંધીની ઈલેક્ટ્રોનીક મતદાર યાદીની માંગણીનો અમલ શા માટે નથી થતો. ફ્રાન્સના પ્રમુખ મેક્રોએ ભારતની ડીજીટલ વ્યવસ્થાના વખાણ કર્યા હતા. જો ખરેખર આ વ્યવસ્થા આટલી આધુનિક હોય તો પછી ચૂંટણીના ડેટા શા માટે ડીજીટલ નથી.

બાંગ્લાદેશમાં તારીક રહેમાન વડાપ્રધાન બન્યા પછી તૂર્કીના પેટમાં તેલ રેડાયું છે. અગાઉની કામચલાઉ સરકાર વખતે તૂર્કી બાંગ્લાદેશમાં પગપેસારો કરી શક્યું હતું. હવે એવી શક્યતા છે કે તારીક રહેમાન તૂર્કીને ખાસ ભાવ આપશે નહીં. પરિસ્થિતિનો તાગ મેળવવા માટે તૂર્કીના પ્રમુખ રેસેફ તૈયપ એર્દોગનના પુત્ર બીલાલ ઢાકા પહોંચ્યા છે. આ મુલાકાતને ખૂબ ગુપ્ત રાખવામાં આવી છે. નવી સરકારમાં તૂર્કી પોતાનો પ્રભાવ બરકરાર રાખવા માંગે છે.

મોહમદ યુનુસ જ્યારે સત્તા પર હતા ત્યારે તૂર્કીના કટ્ટરવાદી નેતાઓના સંબંધ ઢાકા સાથે ખૂબ અંગત હતા. તૂર્કીના સંબંધ જમાત-એ-ઈસ્લામી અને કટ્ટરપંથી ગ્રુપો વચ્ચે ગાઢ રહ્યા છે. બીલાલ એર્દોગન પ્રાઈવેટ એરક્રાફ્ટ મારફતે ઢાકા પહોંચ્યા હતા. એમની સાથે ભૂતપૂર્વ ફૂટબોલર મેસુત ઓઝીલ, તૂર્કી સરકાર સમર્થિત એજન્સી ટીકાના ચેરમેન અબ્દુલ્લા આરોન હતા.

# નર્મદા જિલ્લા ઇન્ચાર્જ કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઇ

## બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ અને દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ ઉપસ્થિત રહી નાગરિકોના પ્રશ્નો અંગે ચર્ચા કરી

**નર્મદા, તા.22**

નર્મદા જિલ્લાના વિકાસ કાર્યોને વધુ ગતિશીલ બનાવવા અને પ્રજાના પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારી આર.વી. વાળાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલમાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ ભિમસિંહ તડવી અને દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા હતા.



જિલ્લા પંચાયતના પ્રમુખ ભિમસિંહ તડવીએ તિલકવાડા તાલુકામાં આંગણવાડીના મકાનોના બાંધકામ, પીવાના પાણી, સરકારી આવાસ જર્જરિત થતાં તેને ઉતારી લેવા માટેની કાર્યવાહી, મકાનોના બાંધકામમાં મટિરિયલની ગુણવત્તા અંગે રજૂઆત કરતા સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરી હતી.

દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાએ તેમના મત વિસ્તારના નાગરિકોના વિકાસ કામો જેવા કે, આંગણવાડીના બાળકોને અપાતા નાસ્તાની યોગ્ય ગુણવત્તા અને ચકાસણી, આદિમજૂથ આવાસ યોજનામાં લાભાર્થીઓને છેલ્લા હપ્તાના નાણાંની ચૂકવણી, ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ, કુંવરબાઈનું મામેરૂના લાભાર્થીઓ, ખેતીવાડી વિસ્તારના વીજ જોડાણો, દેડિયાપાડા વન વિસ્તારમાં વનતલાવડીની બાબતો, માર્ગ મકના વિભાગ દ્વારા વન્ય વિસ્તારોમાં સ્ટ્રક્ચર નિર્માણ માટે વનવિભાગ પાસે મેળવવાની પરવાનગી જેવી બાબતો અંગેના પ્રજાજનોના પ્રશ્નો અધિકારીઓ સમક્ષ રજૂ કર્યા હતા.

ઈન્ચાર્જ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી આર.વી.વાળાએ જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓને પદાધિકારીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો અને મુદ્દાઓને પ્રાથમિકતા આપી એક-બીજા વિભાગોના સંકલનમાં રહી તેને ઉકેલવા માટે ચોક્કસ આયોજન બનાવી અમલીકરણ કરવા સૂચના આપી હતી.વધુમાં તેઓએ જિલ્લાના અમલીકરણ વિભાગોના અધિકારીઓએ લોકઉપયોગી યોજનાઓને ધારાધોરણો મુજબ અમલમાં મૂકી પ્રજાને સીધો લાભ પહોંચાડવા અને સામાન્ય નાગરિકોની ફરિયાદોને સંવેદનશીલતાથી લઈને તેનો ઝડપી ઉકેલ લાવવાનો ઉપર ખાસ ભાર મૂક્યો હતો.

# બાળ ગોકુલમ સંભાળ ગૃહ દ્વારા છેલ્લા 11 વર્ષમાં ૭૦૯ બાળકોનું પુન:સ્થાપન કરાયું

## સંસ્થાના અધિક્ષક ધૃમિલ દોશી અને ટીમ દ્વારા છેલ્લા 2 વર્ષમાં 44 બાળકોને ફક્ત એક અઠવાડિયામા પરીવાર સાથે મેળાપ કરાવ્યો

**નર્મદા, તા.22**

ખોવાયેલ બાળક પરિવારને સોંપી દીધા બાદ પણ સમયાંતરે બાળક સહિસલામત છે તેની તકેદારી ટેલીફોન અને રૂબરૂ મુલાકાત મારફત સંસ્થા દ્વારા લેવાઇ છે. વિશાલ મિસ્ત્રી રાજપીપળા: વડોદરા જિલ્લાના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ કાર્યરત બાળ સંભાળ ગૃહ એટલે કે બાળ ગોકુલમ બોય્સ હોસ્ટેલ કાર્યરત છે.બાળ સુધારણા કેંદ્ર ખાતે ખોવાઇ ગયેલા બાળકો, અનાથ બાળકો, ચાઈલ્ડ ટ્રાફિકિંગમા મળેલા બાળકો, રેલ્વે કે ટ્રાંઝીસ્ટથી ભુલમા અન્ય જિલ્લા કે રાજ્યમા આવી ગયેલા બાળકોની સંભાળ રાખવામાં આવે છે.ખોવાઇ ગયેલા બાળકોનો પોતાના પરીવાર સાથે મિલાપ ન થાય ત્યા સુધી આ કેન્દ્ર ખાતે રહેવા, જમવા, સુવા, ભણવા, રમવા અને ઈતર પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. બાળ ગોકુલમ સંસ્થાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે અને નિરાધાર બાળકને નવી દિશા આપી તેમના ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે ૧૯૬૧થી કાર્યરત છે.બાળ ગોકુલમ દ્વારા અહિના કર્મયોગી અધિકારી કર્મચારીઓની સેવાભાવના અને સંવેદના થકી વર્ષ ૨૦૧૪-૧૫ થી વર્ષ



૨૦૨૪-૨૫ સુધી ૧૩૬૮ બાળકોએ આશ્રય મેળવ્યો છે અને ૭૦૯ બાળકોને સહીસલામત પોતાના પરીવાર સાથે મેળાપ કરાવી પુન:વ્યવસ્થાપન કરાવ્યું છે. જિલ્લા બાળ સુરક્ષા એકમ અંતર્ગત કાર્યરત સંસ્થા ચિલ્ડ્રન હોમ ફોર બોઈઝ -બાળગોકુલમ, વડોદરા ખાતે અધિક્ષક તરીકે ફરજ બજાવતા ધ્રુમિલ જયેશભાઈ દોશીને કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા કુલ ૧૩૨ બાળકોની સંસ્થાકિય સંભાળ તથા બીજા રાજ્ય તથા અન્ય જિલ્લાના ખોવાયેલા /મળી આવેલ કુલ ૪૫ બાળકોને તાત્કાલિક ધોરણે વાલી-વારસ શોધી પુનઃસ્થાપિત કરવાની શ્રેષ્ઠ કામગીરી બદલ ૨૬મી જાન્યુઆરી-૨૦૨૬ના રોજ જિલ્લા વહિવટી તંત્ર, વડોદરા તરફથી પ્રમાણપત્ર એનાયત કરી તેઓની સંવેદનશિલ કામગીરીને બીરદાવી છે.

# નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રણજીત તડવીના પત્ની, માતા સહિત અનેક કુટુંબીઓના નામ મતદાર યાદીમાંથી ગાયબ

## ભાજપ વાળા કોંગ્રેસ વાળાનાં નામો ગણી ગણીને મતદાર યાદીમાંથી કાપી રહ્યા છે : નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રણજીત તડવીનો આક્ષેપ

**નર્મદા, તા.22**

હાલમાં સમગ્ર ગુજરાતમાં એસ.આઈ. આર ની કામગીરી પૂર્ણ થયા બાદ આખરી મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ઘણા લોકોની ફરિયાદ એવી છે કે પોતાનું નામ મતદાર યાદી માંથી ગાયબ થઈ ગયું છે.તો આ તમામની વચ્ચે નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રણજીત તડવી સહિત એમના કુટુંબીઓનું નામ મતદાર યાદી માંથી ગાયબ થઈ જતા તેઓ રોષે ભરાયા છે.

નર્મદા જિલ્લામાં એસ.આઈ.આર ની કામગીરી પૂર્ણ થયા બાદ પોતાના નામો નવી મતદાર યાદીમાં છે કે નહીં એ જાણવા માટે લોકો કચેરીઓના ચક્કર કાપી રહ્યા છે.ત્યારે નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રણજીત તડવી, એમની પત્ની અંગિરાબેન તડવી, માતા સહિત એમના માટે ભાગના કુટુંબીઓના નામ મતદાર યાદી માંથી ગાયબ હોવાનું ખુદ કોંગ્રેસ પ્રમુખ રણજીત તડવીએ જણાવ્યું છે.રણજીત તડવીએ આ બાબતે વધુમાં જણાવ્યું હતું કે ભાજપ વાળા કોંગ્રેસ વાળાના નામો ગણી ગણીને મતદાર યાદી માંથી ગાયબ કરી રહ્યા છે.આ બાબતે હું નર્મદા જિલ્લા કલેક્ટરને રૂબરૂ મળી રજુઆત કરવા જવાનો છું.

### જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને

# આણંદ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ...

## નાગરિકોના પડતર પ્રશ્નોનો ઝડપી અને યોગ્ય નિકાલ કરવા સબંધિત અધિકારીઓને તાકીદ કરાઇ

**આણંદ, તા.22**

જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતીના અધ્યક્ષસ્થાને સર્કિટ હાઉસ,આણંદના સભાખંડ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના જન પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલ એમજીવીસીએલ, માર્ગ અને મકાન, પાણી પુરવઠા, આંગણવાડી, શિક્ષણ સહિત વિવિધ વિભાગને લગતી પ્રજાલક્ષી બાબતો અંગે ત્વરિત યોગ્ય કાર્યવાહી કરવા તથા નાગરિકોના હિતોને સ્પર્શતા વિવિધ વિષયો અંગેના પ્રશ્નો જેવાં કે પડતર અરજીઓના નિકાલ તેમજ જર્જરિત પાણીની ટાંકી, આંગણવાડી અને શાળાના ઓરડાઓ ઉતારી લેવા અંગે સકારાત્મક અભિગમથી કામ કરી ઝડપી અને યોગ્ય નિકાલ કરવા જિલ્લા વિકાસ અધિકારીએ સબંધિત અધિકારીઓને માર્ગદર્શક સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ, ખંભાતના ધારાસભ્ય ચિરાગભાઈ પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણી, નિવાસી અધિક કલેકટર આર.એસ.દેસાઈ, નાયબ વન સંરક્ષક સહિત સંકલન સમિતિના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### આણંદ જિલ્લા પોલીસ યુનિટમાં ફરજ બજાવતા

# પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માટે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો

## 113 પોલીસ વિભાગના અધિકારી કર્મચારીઓની મેડિકલ તપાસ પૂર્ણ

**આણંદ, તા.22**

આણંદ જિલ્લા પોલીસ યુનિટમાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ખાસ કરીને 50 વર્ષ કરતાં વધુ ઉંમરના પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ નો મેડિકલ ચેકઅપ કેમ્પ આણંદ ખાતેની બી એન. પટેલ પેરામેડિકલ ઈન્સ્ટિટયૂટ ખાતે રાખવામાં આવ્યો હતો. નાયબ પોલીસ અધિક્ષક જે એન પંચાલે જણાવ્યું હતું કે સામાન્ય રીતે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને લાંબા સમય સુધી ફરજ બજાવવાની હોય છે.પોલીસ વિભાગના અધિકારીઓ/ કર્મચારીઓ ફીટ રહે તે માટે તથા સ્ટ્રેસ ફ્રી ફરજ બજાવી શકે તે માટે જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણીના



માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગના અધિકારી, કર્મચારીઓનો મેડિકલ ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આણંદ જિલ્લામાં ફરજ બજાવતા અને ખાસ કરીને જેમની ઉંમર 50 વર્ષ કરતાં વધુ છે તેવા પોલીસ યુનિટના આજે પ્રથમ દિવસે 113 જેટલા પોલીસ અધિકારી કર્મચારીઓનો મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યા હતા.

# કરમસદ આણંદ મનપા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વિવિધ ખાધ એકમો ખાતે ચેકિંગ હાથ ધરાયું

## 15 જેટલા એકમો ખાતે સ્વચ્છતાનો અભાવ અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો મળતા રૂપિયા 71 હજાર જેટલો દંડ વસૂલ કરાયો

**આણંદ, તા.22**

કરમસદ આણંદ મહાનગર પાલિકાના કમિશનર ની સુચના અનુસાર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વિવિધ ખાદ્ય એકમો ખાતે સ્વચ્છતાલક્ષી તપાસણી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.આ તપાસણી ઝુંબેશ અંતર્ગત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના ડોક્ટર રાજેશ પટેલ અને તેમની ટીમ દ્વારા વિવિધ ખાદ્ય એકમો ખાતે તપાસણી હાથ



ધરવામાં આવી હતી.

આ તપાસણી દરમિયાન સ્વછતાનો અભાવ અને પ્રતિબંધિત પ્લાસ્ટિક મળી આવતા 15 જેટલા એકમો પાસેથી વહીવટી ચાર્જ પેટે કુલ રૂ. 71,000 /- નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.આ એકમોમાં જય અંબે દાળવડા, જય જલારામ ખમણ હાઉસ, એ જે. ફૂડ જંક્શન, બોમ્બે સેન્ડવીચ, પટેલ સેન્ડવીચ, બ્રહ્માણી લાઈવ વેફર્સ, એવર ફ્રેશ સ્પેશિયલ, છાશ વાલા, હેપ્પી વાલી ફીલિંગ, ડોમિનોઝ પિઝ્ઝા અને કચ્છી દાબેલી ખાતે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આકસ્મિક તપાસણી કરતા સ્વચ્છતા નો અભાવ જોવા મળ્યો હતો જેને કારણે આ ખાદ્ય એકમો પાસેથી કુલ રૂપિયા 59000 અને પ્રકાશ મસાલા અને એવર ફ્રેશ બેકરી ખાતે થી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો મળી આવતા કુલ રૂપિયા 12,000 મળીને આજે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કુલ 15 જેટલા એકમો પાસેથી કુલ રૂપિયા 71 હજારનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમના ડોક્ટર રાજેશ પટેલના જણાવ્યા અનુસાર ખાદ્ય એકમો ખાતે તપાસણી ઝુંબેશ ચાલુ રહેશે, જેથી સ્વચ્છતા રાખવી અને પ્રતિબંધિત પ્લાસ્ટિક નો ઉપયોગ ન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### આણંદ જનરલ હોસ્પિટલ ખાતે નાગરિકો માટે વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ થતાં

# જાન્યુઆરી 2025થી ડિસેમ્બર 2025 દરમિયાન 1.70 લાખ ઉપરાંત દર્દીઓની OPDમાં નોંધણી થઈ

## 60 હજારથી વધુ દર્દીઓએ દાખલ થઈને સારવાર મેળવી, દર મહિને 200 ઉપરાંત મહિલાઓની પ્રસુતિ કરાવવામાં આવી

**આણંદ, તા.22**

શ્રેષ્ઠ આરોગ્ય લક્ષી સેવાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ માટે આરોગ્ય વિભાગના ડોક્ટર્સ, નર્સ અને તેમની ટીમ ખડે પગે કામ કરી રહી છે. રાજ્યની સરકારી હોસ્પિટલ, જિલ્લા મથક ખાતે આવેલી જનરલ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે નાગરિકો માટે શ્રેષ્ઠતમ આરોગ્યલક્ષી સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. આણંદ



જિલ્લા મથક ખાતેની જનરલ હોસ્પિટલ ખાતે હાલમાં સિવિલ હોસ્પિટલ કાર્યરત કરવામાં આવી છે, આ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ સેવાઓની વાત કરતા અને છેલ્લા એક વર્ષ દરમિયાન એટલે કે જાન્યુઆરી 2025 થી ડિસેમ્બર 2025 સુધીમાં કરવામાં આવેલી કામગીરી અંગે જણાવતા સિવિલ સર્જન ડો. અમર પંડ્યાએ જણાવ્યું કે, આ હોસ્પિટલ ખાતે નાગરિકો માટે ઉપલબ્ધ સેવાઓમાં જનરલ મેડીસીન, જનરલ સર્જરી, ઈમરજન્સી વિભાગમાં એનિમલ બાઈટ, ડ્રેસીંગ,તાજા જન્મેલા બાળકો માટે પેટીમાં રાખવાની સુવિધા, સ્ત્રીરોગ સુવિધાઓમાં સગર્ભા બેહેનોને મફત સુવાવડની સુવિધા, વસ્તી નિયંત્રણનું ઓપરેશન, યુરોલોજી માટે કિડની ફેલ્યર દર્દી માટે વિના મૂલ્યે 24+7 ડાયાલિસિસની સુવિધા, ઓર્થોપેડીક વિભાગ દ્વારા ઓ.પી.ડી., લેબોરેટરીમાં પેથોલોજી, માઈક્રોબાયોલોજી, બાયોકેમેસ્ટ્રી પરીક્ષણો આણંદ ખાતેની જનરલ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ છે.ડોક્ટર અમર પંડ્યા એ જનરલ હોસ્પિટલ ખાતે દર્દીઓએ મેળવેલ સેવાઓ અંગેની વાત કરતા જણાવ્યું કે જાન્યુઆરી 2025 થી ડિસેમ્બર 2025 દરમિયાન 60,327 લોકોએ દાખલ થયેલા દર્દી તરીકે સેવાઓ મેળવી છે. આ હોસ્પિટલ ખાતે મહિલાઓની 30% તે કે તેથી વધુ હાઈ રિસ્ક ડિલિવરી પણ કરાવવામાં આવે છે.

### ચરોતર પંથકમાં તમાકુ પર લાદવામાં આવેલ ટેક્સના કકળાટ વચ્ચે

# તમાકુ મસાલા તથા સિગારેટના જથ્થાબંધ વેપારીઓ દ્વારા ઉઘાડી લૂંટ

**આણંદ, તા.22**

કેન્દ્ર સરકાર દ્વારા ગત ૧ લીના રજૂ કરવામાં આવેલ બજેટમાં તમાકુ પર ૪૦% ટેક્સ લાદવામાં આવતા ચરોતર પંથકમાં તમાકુ સોનાનો પાક મનાતો હોય તમાકુ પકવતા અને વેપારીઓ દ્વારા ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવી રહ્યા ના કકળાટ વચ્ચે બજેટ પૂર્વ વેપારીઓ દ્વારા મોટાપાયે તમાકુ મસાલા તથા સિગારેટના સંગ્રહ કરી જથ્થાબંધ વેપારીઓ દ્વારા ઉઘાડી લૂંટ કરવામાં આવી રહ્યાની ચર્ચા ઉઠવા પામી છે.

જેના પગલે તંત્ર દ્વારા તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર કોરોના કાળ દરમ્યાન બજાર બંધ કરવાના નિર્ણય લેવામાં આવતાં તે સમયે તમાકુ મસાલા તથા સિગારેટના જથ્થાબંધ વેપારીઓ દ્વારા ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી હતી. કાઈક આવી જ પરિસ્થિતિ ગત ૧લીના કેન્દ્ર સરકાર દ્વારા બજેટ રજૂ કરતાં બજેટમાં તમાકુ ઉત્પાદન અને વેચાણ પર ૪૦%નો ટેક્સ લાગુ કરતાં ચરોતર પંથકમાં તમાકુ સોનાનો પાક મનાતો હોય સ્થાનિક સ્તરે વિરોધ ઉઠવા પામી રહ્યો છે.

જોકે બજેટમાં તમાકુ પર ભારે ટેક્સ લાગુ કરવામાં આવશે ની સંભાવના પગલે જથ્થાબંધ વેપારીઓ દ્વારા વિવિધ બ્રાન્ડ ની તમાકુ મસાલા તથા સિગારેટના સંગ્રહ કરી લેતાં બજારમાં પેકીગ પર જૂના ભાવ હોવાછતાં જથ્થાબંધ વેપારીઓ દ્વારા ઉઘાડી લૂંટ કરવામાં આવતાં સમગ્ર મામલે તંત્ર દ્વારા સંગ્રહખોરો સામે તપાસ હાથ ધરવામાં આવે ની માંગ ઉઠવા પામી હોવાનું જાણવા મળેલ છે.

# નડિયાદમાં મહિલા પાસેથી 1.62 લાખના દાગીનાની લૂંટ

**નડિયાદ, તા.22**

નડિયાદ શહેરમાં ધોળે દિવસે લૂંટની ઘટના બની છે. વાણીયાવાડ સર્કલ પાસે એક્ટિવા પર જઈ રહેલા એક મહિલા અને તેમના ભત્રીજા પાસેથી મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સો સોના-ચાંદીના દાગીના ભરેલી થેલી ઝૂંટવીને ફરાર થઈ ગયા હતા. આ મામલે ભોગ બનનાર મહિલાએ નડિયાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. નડિયાદના આઈ.જી. માર્ગ પર આવેલી જલતરંગ સોસાયટીમાં રહેતા હીનાબેન અશ્વિનભાઈ પટેલ શનિવારે સવારે તેમના ભત્રીજા હેમલ પટેલ સાથે દાગીના સાફ કરાવવા અને નવા દાગીના ખરીદવા નીકળ્યા હતા. હેમલ પટેલ હાલમાં અમેરિકાથી લગ્ન પ્રસંગે નડિયાદ આવ્યા છે.

# T20 વર્લ્ડ કપના સુપર 8 રાઉન્ડમાં વરસાદને કારણે મેચ રદ થાય તો શું થશે?

**નવી દિલ્હી, તા.22**

T20 વર્લ્ડ કપ 2026 હવે એક રોમાંચક તબક્કામાં પહોંચી ગયો છે. ટુર્નામેન્ટમાં સુપર 8 રાઉન્ડની શરૂઆત થઈ ચૂકી છે. આ રાઉન્ડ માટે ભારત, દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે, વેસ્ટ ઈન્ડિઝ, ઈંગ્લેન્ડ, શ્રીલંકા, પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડે ક્વોલિફાય કર્યું છે. આ આઠ ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવી છે. દરેક ગ્રુપની ટીમો પરસ્પર એક-એક મેચ રમશે અને ટોપ-2 ટીમો સેમિફાઈનલમાં પહોંચશે.



આવી સ્થિતિમાં દરેક મેચનું મહત્વ વધી ગયું છે. પરંતુ કોલંબોમાં સતત પડી રહેલા વરસાદે એક મોટો સવાલ ઉભો કરી દીધો છે કે, જો સુપર 8 મેચ વરસાદના કારણે ધોવાઈ જાય તો શું થશે? આ સવાલ એટલા માટે પણ વધુ મહત્વપૂર્ણ બની ગયો છે કારણ કે સુપર 8 રાઉન્ડની પહેલી મેચ એટલે કે પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચેની મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી. અને આ મેચ એક પણ બોલ રમ્યા વિના રદ કરી દેવામાં આવી છે. સુપર 8ની મેચો ભારત અને શ્રીલંકામાં રમાશે. જો કે, કોલંબોમાં વરસાદના કારણે મેચ પર ખતરો મંડરાઈ રહ્યો છે. નિયમો પ્રમાણે સુપર 8માં પણ ગ્રુપ સ્ટેજની જેમ કોઈ રિઝર્વ ડે નથી રાખવામાં આવ્યો. ICCના નિયમો પ્રમાણે T20 મેચના પરિણામ માટે બંને ટીમોએ ઓછામાં ઓછી 5-5 ઓવર રમવી જરૂરી છે. અમ્પાયરો પરિણામ સુનિશ્ચિત કરવા માટે શક્ય તેટલા બધા પ્રયાસો કરશે કે મેચ પૂર્ણ થાય. પરંતુ જો વધુ વરસાદના કારણે બંને ટીમો 5-5 ઓવર પણ ન રમી શકે તો મેચ રદ જાહેર કરી દેવામાં આવશે.

જો મેચ ડ્રો થાય તો બંને ટીમોને એક-એક પોઈન્ટ આપવામાં આવશે. કોઈપણ ટીમને જીતનો ફાયદો નહીં મળશે. સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આવી મેચનો નેટ રન રેટ પર કોઈ અસર પડશે નહીં. આનો અર્થ એ થયો કે પોઈન્ટ ટેબલમાં ફક્ત એક પોઈન્ટ ઉમેરાશે, પરંતુ કોઈને પણ જીતના બે પોઈન્ટ નહીં મળશે. સુપર 8માં દરેક ટીમે 3-3 મેચ રમવાની છે. દરેક મેચ બે પોઈન્ટ માટે હોય છે. તેથી, જો વરસાદને કારણે કોઈ મેચ રદ થાય છે, તો તે ટીમો માટે મોટું નુકસાન સાબિત થઈ શકે છે. ખાસ કરીને એવી ટીમો માટે જે નેટ રન રેટના સહારે સેમિફાઈનલની રેસમાં ટકી રહેવા માગતી હોય છે. જીતથી બે પોઈન્ટ મળે છે, જ્યારે રદ થયેલી મેચથી માત્ર એક પોઈન્ટ મળે છે. ટુર્નામેન્ટમાં પહેલા પણ વરસાદની અસર દેખાઈ ચૂકી છે. ઝિમ્બાબ્વે અને આયર્લેન્ડ વચ્ચેની મેચ રદ કરવામાં આવી હતી, જેના કારણે બંને ટીમોને એક-એક પોઈન્ટ મળ્યો હતો અને તેની આગળની સ્થિતિ પર અસર પડી હતી. સુપર 8 માં હવે દરેક મેચ હવે કરો યા મરો જેવી રહેશે. જો વરસાદનું વિઘ્ન ન આવે તો પોઈન્ટ ટેબલમાં મોટો ઉલટફેર થઈ શકે છે. આવી સ્થિતિમાં ટીમો માટે જરૂરી છે કે, તે પોતાની બાકી રહેલી મેચોમાં વધુથી વધુ જીત નોંધાવે અને નેટ રન રેટ પણ સારો રાખે. ક્રિકેટ ચાહકો હવે માત્ર રોમાંચક મેચો પર જ નહીં પરંતુ હવામાન પર પણ નજર રાખી રહ્યા છે.

# રોહિત શર્મા પત્ની રિતિકા સાથે પહોંચ્યો શિખર ધવનના લગ્નમાં, વિરાટ કોહલીએ આપી શુભેચ્છા

**નવી દિલ્હી, તા.22**

ભારતીય ક્રિકેટ ટીમનો પૂર્વ ઓપનર શિખર ધવન ફરી એકવાર લગ્નગ્રંથિથી જોડાઈ ગયો છે. પ્રથમ પત્ની આયશા મુખર્જી સાથે છૂટાછેડા લીધા બાદ ધવને આયર્લેન્ડની સોફી શાઈન સાથે બીજીવાર લગ્ન કર્યા છે. સોફી અને શિખરની મુલાકાત પ્રથમવાર દુબઈમાં થઈ હતી, જે બાદ તેઓ એકબીજાને ડેટ કરી રહ્યા હતા. શનિવાર, 21 ફેબ્રુઆરીના રોજ યોજાયેલા આ લગ્ન સમારોહમાં ક્રિકેટ જગતના અનેક દિગ્ગજોએ હાજરી આપી હતી.



40 વર્ષીય શિખર ધવનના લગ્નમાં ભારતીય ટીમના ખેલાડીઓનો જમાવડો જોવા મળ્યો હતો. ધવનના જૂના મિત્ર અને ભારતીય ટીમનો કેપ્ટન રોહિત શર્મા પત્ની રિતિકા સજદેહ સાથે ખાસ દિલ્હી પહોંચ્યો હતો. આ ઉપરાંત સુરેશ રૈના, યુઝવેન્દ્ર ચહલ, ઈરફાન પઠાન અને બીસીસીઆઈના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ પણ હાજરી આપીને નવદંપતીને આશીર્વાદ આપ્યા હતા. સોશિયલ મીડિયા પર આ સેલિબ્રિટીઝે લગ્નની તસવીરો શેર કરીને ધવનને શુભેચ્છાઓ પાઠવી છે.

વિરાટ કોહલી હાલમાં જ પત્ની અનુષ્કા શર્મા સાથે ભારત આવ્યો છે, જેના વીડિયોઝ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. જોકે, કોહલી લગ્ન પાર્ટીમાં જોવા મળ્યો નહોતો, પરંતુ તેણે ઈન્સ્ટાગ્રામ પર શિખર ધવનની લગ્નની પોસ્ટ પર કમેન્ટ કરીને બધાનું ધ્યાન ખેંચ્યું હતું. કોહલીએ ધવનને વધામણી આપતા લખ્યું, 'મુબારકાં જટ જી', જે સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ રહ્યું છે.

શિખર ધવનની ક્રિકેટ કારકિર્દી પર નજર કરીએ તો, તેણે વર્ષ 2010માં ઈન્ટરનેશનલ ડેબ્યૂ કર્યું હતું અને 29 જુલાઈ, 2021ના રોજ તેની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ રમી હતી. પોતાના 11 વર્ષના કરિયરમાં ધવને 34 ટેસ્ટમાં 2315 રન, 167 વનડેમાં 6793 રન અને 68 T20 મેચમાં 1759 રન બનાવ્યા છે. 'ગબ્બર' તરીકે ઓળખાતા આ આક્રમક બેટરની નવી ઈનિંગ માટે ફેન્સ પણ સોશિયલ મીડિયા પર અભિનંદન આપી રહ્યા છે.

# સાઉથ આફ્રિકાની ટીમ બુમરાહથી નહીં, પરંતુ ભારતના આ સ્ટાર બોલરથી ભયભીત...

**નવી દિલ્હી, તા.22**

વરુણ ચક્રવર્તી દક્ષિણ આફ્રિકાના બેટ્સમેનો માટે મુશ્કેલીનું કારણ બન્યા છે, પરંતુ વરિષ્ઠ ખેલાડી ક્વિન્ટન ડી કોકને આશા છે કે, તેના યુવા સાથી ખેલાડીઓ કંઈક નવું કરવાને બદલે યોગ્ય સમયે પોતાની કુદરતી રમત બતાવશે. ચક્રવર્તીએ દક્ષિણ આફ્રિકા સામે આઠ ટી20 મેચોમાં 22 વિકેટ ઝડપી છે. જેમાં ડિસેમ્બરમાં રમાયેલી દ્વિપક્ષીય શ્રેણીની 10 વિકેટો પણ સામેલ છે. દક્ષિણ આફ્રિકાની ટીમ છેલ્લા બે મહિનામાં ઘણી સંતુલિત દેખાઈ છે અને ડી કોકે જણાવ્યું હતું કે, તમામ ખેલાડીઓએ વરુણનો સામનો કરવા માટે તેમનું હોમવર્ક કરી લીધું છે. ભારત સામેની સુપર-8 મેચ પહેલા તેમણે કહ્યું હતું કે, 'તેનો સામનો કરવા માટે દરેકની પોતાની રીત હોય છે. અમારા ખેલાડીઓએ પોતાની તાકાત પર મક્કમ રહેવું પડશે અને યોગ્ય સમયે પોતાની કુદરતી રમત બતાવવી પડશે.'વધુમાં ઉમેર્યું, 'તેઓ સારા બોલર છે અને અમારી સામેની શ્રેણીમાં તેણે શાનદાર બોલિંગ કરી હતી. આશા છે કે ત્યારપછી અમારા ખેલાડીઓએ તેનું વિશ્લેષણ કર્યું હશે અને તેનો સામનો કેવી રીતે કરવો તે અંગે ચર્ચા કરી હશે. આશા છે કે તેમની રણનીતિ અસરકારક સાબિત થશે.' અભિષેક શર્મા ત્રણ મેચમાં ખાતું ખોલાવી શક્યા ન હોવા છતાં ડી કોકે કહ્યું, 'તે વિશ્વનો નંબર વન ટી20 બેટ્સમેન છે. તે ઘણો યુવાન છે અને નિષ્ફળતાનો સામનો ક્યારેક ને ક્યારેક તો કરવો જ પડે છે. પરંતુ નંબર વન હોવાનો કંઈક અર્થ છે. મને ખાતરી છે કે તે ટૂર્નામેન્ટમાં મહત્વની ઈનિંગ રમશે.'

ભારતીય ટીમ: અભિષેક શર્મા, ઈશાન કિશન (વિકેટકીપર), તિલક વર્મા, સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), શિવમ દુબે, હાર્દિક પંડ્યા, રિંકુ સિંહ, વોશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ, વરુણ ચક્રવર્તી, સંજુ સેમસન, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, મોહમ્મદ સિરાજ.

દક્ષિણ આફ્રિકા ટીમ: એડન માર્કરામ (કેપ્ટન), ક્વિન્ટન ડી કોક (વિકેટકીપર), રયાન રિકલ્ટન, ડેવાલ્ડ બ્રેવિસ, ટ્રિસ્ટન સ્ટબ્સ, જેસન સ્મિથ, જ્યોર્જ લિન્ડે, કોર્બિન બોશ, કગીસો રબાડા, એનરિક નોર્ટ્ઝે, ક્વેના મફાકા, ડેવિડ મિલર, લુન્ગી એન્ગિડી, કેશવ મહારાજ, માર્કો જેન્સેન.

# ક્રિકેટર હાર્દિક પંડ્યાએ એક્સ વાઈફ નતાશા સ્ટેનકોવિક અને દીકરાને આપી ચાર કરોડની ગિફ્ટ

**નવી દિલ્હી, તા.22**

ભારતીય ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને નતાશા સ્ટેનકોવિકના છૂટાછેડા થઈ ગયા હોવા છતાં, બંને પોતાના પુત્ર અગસ્ત્યના ઉછેરની જવાબદારી સાથે મળીને નિભાવી રહ્યા છે. ભલે અગસ્ત્ય તેની માતા નતાશા સાથે રહેતો હોય, પરંતુ પિતા તરીકે હાર્દિકનો તેના પ્રત્યેનો પ્રેમ જરાય ઓછો થયો નથી. આ વાતનો પુરાવો ત્યારે મળ્યો જ્યારે હાર્દિકે તેના લાડકવાયા દીકરાને કરોડોની કિંમતની લક્ઝરી એસયુવી(SUV) કાર ભેટમાં આપી. જે ઉંમરે બાળકો રમકડાંથી રમતા હોય, તે ઉંમરે હાર્દિકે અગસ્ત્યને કરોડોની લક્ઝરી કાર ગિફ્ટ કરી છે.

સોશિયલ મીડિયા પર અત્યારે હાર્દિક પંડ્યાએ તેના પુત્ર અગસ્ત્ય અને પૂર્વ પત્ની નતાશા સ્ટેનકોવિકને આપેલી આ શાનદાર ગિફ્ટની તસવીરો ખૂબ વાઈરલ થઈ રહી છે. આ તસવીરમાં અગસ્ત્ય અને નતાશા 'લેન્ડ રોવર ડિફેન્ડર' કારની ડિલિવરી લેતા જોવા મળે છે. ખાસ વાત એ છે કે, કારના વેલકમ નોટ પર સ્પષ્ટપણે લખ્યું છે, 'પાપા ટુ અગસ્ત્ય' (Papa to Agastya), જે પિતા-પુત્રના અતૂટ સંબંધને દર્શાવે છે.

હાર્દિક પંડ્યાએ અગસ્ત્યને લેન્ડ રોવર ડિફેન્ડરનું કયું મોડલ ગિફ્ટ કર્યું છે તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી, પરંતુ બજારમાં આ કારની ઓન-રોડ કિંમત અંદાજે 1 કરોડથી 4 કરોડ રૂપિયાની વચ્ચે હોય છે. અહેવાલો મુજબ, હાર્દિકે આ કારનું ટોપ મોડલ ખરીદ્યું છે, જેની કિંમત લગભગ 4 કરોડ રૂપિયા હોવાનું મનાય છે. મુંબઈના નવનીત મોટર્સે સત્તાવાર રીતે આ જાણકારી શેર કરી છે કે આ કાર મુંબઈમાં અગસ્ત્ય પંડ્યા અને નતાશા સ્ટેનકોવિકને સોંપવામાં આવી છે.

હાર્દિક પંડ્યા પાસે પહેલેથી જ એક ડિફેન્ડર કાર છે અને તેણે આ નવી કાર પણ એ જ શૉરૂમમાંથી ખરીદી છે જ્યાંથી તેણે અગાઉ પોતાની કાર લીધી હતી. ભલે હાર્દિક અને નતાશાના રસ્તા અલગ થઈ ગયા હોય, પરંતુ પોતાના પુત્રની ખુશી માટે હાર્દિકે આપેલી આ મોંઘીદાટ ભેટ અત્યારે ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બની છે.




# અભિનેત્રી કાજોલને દર્શાવતું અશ્લીલ કન્ટેન્ટ દૂર કરવા હાઈકોર્ટનો આદેશ..

## ઓનલાઈન કમર્શિયલ હેતુથી કાજોલનું નામ કે તસવીરો ઉપયોગમાં નહિ લઈ શકાય

**મુંબઈ, તા.22**

દિલ્હી હાઈકોર્ટે ફિલ્મ અભિનેત્રી કાજોલના પર્સનાલિટી રાઈટ્સનું સંરક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત કાજોલને દર્શાવતાં તમામ પ્રકારનાં અશ્લીલ કન્ટેન્ટ પણ ઓનલાઈન પ્લેટફોર્મ્સ પરથી દૂર કરવાનો આદેશ અપાયો છે.

એક વચગાળાની રાહત આપતા ચુકાદામાં હાઈકોર્ટે એમ પણ જણાવ્યું હતું કે ઓનલાઈન કમર્શિયલ હેતુથી કાજોલનું નામ કે તેની તસવીરો કે તેની પર્સનાલિટી સાથે સંકળાયેલી અન્ય કોઈપણ બાબતોનો ઉપયોગ કરી શકાશે નહિ.



હાઈકોર્ટે જણાવ્યું હતું કે એઆઈ ટૂલ્સની મદદથી કાજોલને દર્શાવતું ડીપ ફેક કન્ટેન્ટ ન સર્જાય અને અત્યાર સુધીમાં મૂકાયેલું કન્ટેન્ટ દૂર થાય તે માટે આ આદેશો જારી કરવામાં આવ્યા છે.

## રેટ્રો લુક અને સ્ટાઈલિશ 'ટ્વિનિંગ'

# 47 વર્ષ પછી રજનીકાંત અને કમલ હાસન ફરી સાથે જોવા મળશે

## ઉલ્લેખનીય છે કે, આ જોડી છેલ્લે વર્ષ 1979માં આવેલી ફિલ્મ 'અલાઉદ્દીનમ અલભુથા વિલક્કુમ'માં સાથે જોવા મળી હતી

**મુંબઈ, તા.22**

તમિલ સિનેમાના બે મહાનાયક રજનીકાંત અને કમલ હાસન આશરે 47 વર્ષના લાંબા અંતરાલ બાદ ફરી એકવાર મોટા પડદા પર સાથે જોવા મળશે, જેને લઈને ચાહકોમાં ભારે ઉત્સાહનો માહોલ છે. આ ફિલ્મનો ઓફિશિયલ એનાઉન્સમેન્ટ વીડિયો 21 ફેબ્રુઆરી, 2026ના રોજ રિલીઝ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ જોડી છેલ્લે વર્ષ 1979માં આવેલી ફિલ્મ 'અલાઉદ્દીનમ અલભુથા વિલક્કુમ'માં સાથે જોવા મળી હતી. હવે લગભગ અડધી સદી બાદ આ બંને દિગ્ગજોને એક જ ફ્રેમમાં જોવા એ ભારતીય સિનેમાની ઐતિહાસિક ઘટના ગણાઈ રહી છે. આ ફિલ્મનું નિર્દેશન 'જેલર' ફેમ નેલ્સન કરી રહ્યા છે અને સંગીત અનિરુદ્ધ રવિચંદર આપશે. રિલીઝ થયેલા એનાઉન્સમેન્ટ વીડિયોમાં રજનીકાંત અને કમલ હાસન વચ્ચેની મજેદાર નોકઝોંક અને કેમેસ્ટ્રીએ ચાહકોનું દિલ જીતી લીધું છે. વીડિયોની શરૂઆત હોટલના બે અલગ-અલગ રૂમથી થાય છે, જેમાંથી બંને સુપરસ્ટાર્સ બહાર નીકળે છે.



વીડિયોમાં બંને સ્ટાર્સ રેટ્રો લુકમાં એક જેવા જ કપડાં પહેરેલા(ટ્વિનિંગ) જોવા મળે છે. ખાસ કરીને ગાડીવાળો સીન સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે, જેમાં કમલ હાસન મ્યુઝિક ડાયરેક્ટર અનિરુદ્ધને પૂછે છે કે, 'પહેલા એ જણાવ કે ફિલ્મમાં હીરો કોણ છે?' ત્યારે રજનીકાંત પણ મજાકિયા અંદાજમાં કહે છે, 'હા, પૂછે છે તો જણાવી દે ને ભાઈ કે હીરો કોણ છે?' આ પ્રોમો રિલીઝ થતા જ ઈન્ટરનેટ પર ધૂમ મચી ગઈ છે. સોશિયલ મીડિયા પર ચાહકો કહી રહ્યા છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર 1000 કરોડનો આંકડો પાર કરશે અને તમિલ સિનેમાના તમામ રેકોર્ડ તોડી નાખશે. ફિલ્મની જાહેરાત પહેલા કમલ હાસને સોશિયલ મીડિયા પર રજનીકાંતને પોતાના મિત્ર ગણાવતા લખ્યું હતું કે, 'દરેક શાનદાર સફર એક નવો અધ્યાય ઈચ્છે છે.'

## સ્ટોરી વિશે અટકળો પણ સર્જકો તરફથી કોઈ પુષ્ટિ નહિ

# કોકટેલ ટુમાં રશ્મિકા અને ક્રિતી લેસ્બિયન કપલ હશે તેવી ચર્ચા

## ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે, મોટાભાગે આગામી સપ્ટે.માં રીલિઝ થઈ શકે



**મુંબઈ, તા.22**

રશ્મિકા મંદાના, ક્રિતી સેનન તથા શાહિદ કપૂરની ફિલ્મ 'કોકટેલ ટુ'ની સ્ટોરીની વિગતો ચર્ચાવા લાગી છે. એક દાવા મુજબ આ ફિલ્મમાં રશ્મિકા અને ક્રિતી સેનન લેસ્બિયન કપલની ભૂમિકામાં હશે. જ્યારે તેમના પ્રણય ત્રિકોણમાં ત્રીજાં પાત્રની ભૂમિકા શાહિદ કપૂરની હશે.

જોકે, આ દાવો સાચો છે કે કે તે કન્ફર્મ નથી. ફિલ્મના સર્જકો દ્વારા આ બાબતે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. ફિલ્મનું શૂટિંગ ગયા મહિને પૂર્ણ થઈ ચૂક્યું હોવાની જાહેરાત ડાયરેક્ટર હોમી અડજાણિયાએ કરી હતી. ફિલ્મની રીલિઝ ડેટ વિશે હજુ સુધી કોઈ સત્તાવાર ઘોષણા કરાઈ નથી. જોકે, અટકળો એવી છે કે આ ફિલ્મ મોટાભાગે આગામી સપ્ટમ્બરમાં રીલિઝ થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૨માં આવેલી ફિલ્મ 'કોકટેલ' પણ પ્રણયત્રિકોણ આધારિત હતી અને તેમાં સૈફ અલી ખાન, દીપિકા પદુકોણ તથા ડાયના પેન્ટીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.



## અર્જુન કપૂર સાથે બ્રેકઅપ થયા બાદ

# મલાઈકાએ નવા બોયફ્રેન્ડ સાથે વેલેન્ટાઈન ડે મનાવ્યો

## ગત વર્ષે મુંબઈમાં એક કોન્સર્ટમાં સામેલ થયા બાદ મલાઈકાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો, જેમાં તે એક વ્યક્તિ સાથે વાત કરતી જોવા મળી હતી

**મુંબઈ, તા.22**

મલાઈકા અરોરા પર્સનલ લાઈફને લઈને ફરી ચર્ચામાં છે. સોશિયલ મીડિયા યુઝર્સને લાગી રહ્યું છે કે અર્જુન કપૂર સાથે બ્રેકઅપ થયા બાદ મલાઈકા હવે આગળ વધી ગઈ છે. તેવામાં મિસ્ટ્રી મેન સાથે મલાઈકાનો એક ફોટો વાઈરલ થઈ રહ્યો છે. આ અંગે નેટિઝન્સ અનુમાન લગાવી રહ્યા છે કે, મલાઈકા અરોરાએ નવા બોયફ્રેન્ડ સાથે વેલેન્ટાઈન ડે મનાવ્યો કે શું?



રેડિટ માધ્યમનો ઉપયોગ કરતાં એક વ્યક્તિએ મલાઈકાનો મિસ્ટ્રી મેન સાથેનો એક ફોટો શેર કરીને લખ્યું હતું કે, 'ટ્રેવી ફાઉન્ટેન પર મલાઈકાનું વેલેન્ટાઈન? 14 ફેબ્રુઆરીએ ટ્રેવી ફાઉન્ટેન પર મલાઈક અરોરા તેના બોયફ્રેન્ડ સાથે સ્પોટ થઈ...'

આ ફોટોમાં પ્રખ્યાત ટ્રેવી ફાઉન્ટેન સામે મલાઈકા સાથે મિસ્ટ્રી મેન સેલ્ફી લેતો દેખાય છે. આ તસવીર મામલે કેટલાક યુઝર્સનું કહેવું છે કે, આ કોઈ એક પીઆર સ્ટન્ટ હોય શકે છે.

ગત વર્ષે મુંબઈમાં એક કોન્સર્ટમાં સામેલ થયા બાદ મલાઈકાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો.

જેમાં તે એક વ્યક્તિ સાથે વાત કરતી જોવા મળી હતી. આ વીડિયો ક્લિપ બાદ મલાઈકાની રિલેશનશીપને લઈને અનેક અફવા ફેલાઈ હતી. જેમાં કેટલાક યુઝર્સે દાવો કર્યો હતો કે, મલાઈક સાથે દેખાયેલી વ્યક્તિ 33 વર્ષીય ડાયમંડ મર્ચન્ટ હર્ષ મહેતા છે. જો કે, આ દાવાની કોઈ પુષ્ટિ થઈ ન હતી.

# આ અઠવાડિયે બજાર માટે 3 મોટા ટ્રિગર: GDP ડેટા અને ટ્રમ્પ ટેરિફ પર નજર, નિફ્ટી માટે 25,900નું લેવલ પાર કરવું જરૂરી

**મુંબઈ, તા.22**

ભારતીય શેરબજાર માટે ગયું અઠવાડિયું ઉતાર-ચઢાવભર્યું રહ્યું. હવે સોમવાર, 23 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા નવા કારોબારી સપ્તાહમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફથી લઈને ભારતના જીડીપી જેવા આર્થિક આંકડાઓ સુધી, ઘણી એવી બાબતો છે જે રોકાણકારોના ખિસ્સા પર અસર કરશે.



એનરિચ મનીના CEO પોનમુડી આરનું કહેવું છે કે ટ્રમ્પના નિર્ણયોથી ભારતીય નિકાસકારો માટે ટૂંકા ગાળામાં અનિશ્ચિતતા ઊભી થઈ છે. નિફ્ટી માટે 25,500-25,600ના સ્તરને સપોર્ટ ગણાવ્યો, જ્યારે ઉપરની તરફ 25,700 થી 25,900 વચ્ચે રેઝિસ્ટન્સ દેખાઈ રહ્યું છે.

રેલિગેર બ્રોકિંગના અજીત મિશ્રાએ કહ્યું કે નિફ્ટી માટે 25,400નું સ્તર ખૂબ જ મહત્વપૂર્ણ સપોર્ટ છે અને 25,800-26,000નો ઝોન મુખ્ય રેઝિસ્ટન્સ બનેલો છે. તેમણે ચેતવણી આપી કે જો નિફ્ટી 25,400ની નીચે ગબડે છે, તો તે 25,100ના સ્તર સુધી જઈ શકે છે.

અમેરિકાની ટેરિફ સંબંધિત જાહેરાતો પર સમગ્ર વિશ્વની નજર છે. અમેરિકી સુપ્રીમ કોર્ટે 20 ફેબ્રુઆરીના રોજ ટ્રમ્પ દ્વારા વિશ્વભરના દેશો પર લાદવામાં આવેલા ટેરિફને રદ કરી દીધા હતા.

આ નિર્ણય પછી ટ્રમ્પે પ્રેસ કોન્ફરન્સ કરીને તમામ દેશો પર 10% ટેરિફ લગાવવાની વાત કરી. પછી એક દિવસ પછી, 21 ફેબ્રુઆરીના રોજ, ગ્લોબલ ટેરિફ 10% થી વધારીને 15% કરવાની જાહેરાત કરી. ટેરિફને લઈને વારંવાર કરવામાં આવી રહેલા આ ફેરફારથી વિશ્વભરમાં અનિશ્ચિતતા વધી ગઈ છે.

આ દરમિયાન ભારતીય અધિકારીઓ એક ટ્રેડ ડીલને અંતિમ સ્વરૂપ આપવા માટે અમેરિકા જઈ રહ્યા છે. આ ડીલ સંબંધિત કોઈ પણ સકારાત્મક સમાચાર બજાર માટે બૂસ્ટરનું કામ કરી શકે છે.

આંકડા મંત્રાલય (MoSPI) 27 ફેબ્રુઆરીના રોજ નવી શ્રેણીના આધારે GDPના અંદાજો જાહેર કરશે. આ ઉપરાંત, સરકારના બજેટના આંકડા, વિદેશી મુદ્રા ભંડાર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર આઉટપુટના આંકડા પણ આ અઠવાડિયે આવશે. આ આંકડા દર્શાવશે કે ભારતીય અર્થતંત્રની ગતિ કેવી છે.

ફેબ્રુઆરી મહિનાની માસિક F&O એક્સપાયરી 24 ફેબ્રુઆરીના રોજ છે. સામાન્ય રીતે, એક્સપાયરીવાળા સપ્તાહમાં બજારમાં ઘણી ઉથલપાથલ જોવા મળે છે. ટ્રેડર્સ તેમની જૂની પોઝિશનને સેટલ કરે છે અથવા તેને આગામી સિરીઝમાં લઈ જાય છે, જેના કારણે માર્કેટમાં ઉતાર-ચઢાવ વધી જાય છે.

છેલ્લા પાંચ કારોબારી સત્રોમાં સેન્સેક્સ 0.2% વધ્યો. જ્યારે શુક્રવારે તે 316 પોઈન્ટ એટલે કે 0.38% વધીને 82,814 ના સ્તરે બંધ થયો. આ ઉપરાંત, નિફ્ટી 50 આ સપ્તાહે 0.4% મજબૂત થયો. શુક્રવારે તેમાં 117 પોઈન્ટ એટલે કે 0.46% નો ઉછાળો આવ્યો અને તે 25,571 પર બંધ થયો.

# સોનું ઓલ ટાઈમ હાઈથી 36000 તો ચાંદી 1.67 લાખ સસ્તી

**મુંબઈ, તા.22**

સોના અને ચાંદીના ભાવમાં (Gold-Silver Rate) છેલ્લા એક સપ્તાહમાં રિકવરી જોવા મળી છે. જોકે, આ ઉછાળા છતાં બંને કિંમતી ધાતુઓ તેમના અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તર (Life-time High) કરતા ઘણી સસ્તી મળી રહી છે. ખાસ કરીને ચાંદીના ભાવમાં તેના હાઈ લેવલથી 1.67 Lakh થી વધુનો ઘટાડો જોવા મળી રહ્યો છે.



છેલ્લા એક અઠવાડિયામાં ચાંદીની ચમક વધી છે. MCX પર 5 March ની એક્સપાયરી વાળી ચાંદી સપ્તાહ દરમિયાન 8,584 પ્રતિ કિલો મોંઘી થઈ છે. 13 ફેબ્રુઆરીના રોજ જે ચાંદી 2,44,360 પર બંધ થઈ હતી, તે શુક્રવારે વધીને 2,52,944 પર પહોંચી ગઈ છે. આમ છતાં, 29 જાન્યુઆરીના રોજ જે ચાંદી 4,20,048 ના રેકોર્ડ સ્તરે પહોંચી હતી, તેના કરતા હાલનો ભાવ 1,67,104 જેટલો ઓછો છે.

સોનામાં પણ વીતેલા સપ્તાહ દરમિયાન 981 નો વધારો નોંધાયો છે. MCX પર 2 April ની એક્સપાયરી વાળું સોનું 1,55,895 થી વધીને 1,56,876 પ્રતિ 10 Gram પર પહોંચ્યું છે. સોનાનો ઓલ-ટાઈમ હાઈ રેટ 1,93,096 હતો, જેની સરખામણીએ અત્યારે 24 કેરેટ સોનું 36,220 જેટલું સસ્તું મળી રહ્યું છે.

ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, સ્થાનિક બજારમાં પણ સોના-ચાંદીના ભાવમાં વધારો થયો છે. વિવિધ કેરેટ મુજબ સોનાના ભાવ નીચે મુજબ રહ્યા છે:

સ્થાનિક બજારમાં ચાંદીનો ભાવ પણ 2,42,433 થી વધીને 2,50,314 પ્રતિ કિલોગ્રામ પર પહોંચ્યો છે. બજારના નિષ્ણાતોનું માનવું છે કે કિંમતોમાં થયેલા આ મોટા ઘટાડા બાદ હવે ધીમે ધીમે રોકાણકારો ફરી સોના-ચાંદી તરફ વળી રહ્યા છે.

# ફોરેક્સ રિઝર્વ 725 બિલિયન ડોલરના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું.....

**અમદાવાદ, તા.22**

દેશનું ફોરેક્સ રિઝર્વ સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા આંકડા દર્શાવે છે કે ૧૩ ફેબુરઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતનો વિદેશી વિનિમય અનામત ૮.૬૬ બિલિયન ડોલર વધીને ૭૨૫.૭૨૭ બિલિયન ડોલર થયો છે, જે સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યો છે.



૬ ફેબુરઆરીના રોજ પૂરા થયેલા પાછલા રિપોર્ટિંગ સપ્તાહમાં કુલ ફોરેક્સ રિઝર્વ ઘટીને ૭૧૭.૦૬૪ બિલિયન ડોલર થયું હતું. જોકે, જાન્યુઆરીમાં અનામત અગાઉ ૭૨૩.૭૭૪ બિલિયન ડોલરના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી હતી.

કેન્દ્રીય બેંક દ્વારા જારી કરાયેલા ડેટા દર્શાવે છે કે ૧૩ ફેબુરઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહમાં, વિદેશી ચલણ સંપત્તિ ૩.૫૫ બિલિયન ડોલર વધીને ૫૭૩.૬૦૩ બિલિયન ડોલર થઈ છે. ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર લગભગ ૯૬% માલની આયાત અને લગભગ એક વર્ષ માટે બાકી રહેલા બાહ્ય દેવાને આવરી લેવા માટે પૂરતો છે. જોકે વિદેશી હૂંડિયામણ સંપત્તિ ભારતના વિદેશી હૂંડિયામણ ભંડારનો સૌથી મોટો ઘટક રહ્યો છે,

મૂલ્યાંકન અસરોને કારણે વિદેશી હૂંડિયામણ ભંડારમાં સોનાનો હિસ્સો ૬ ફેબુરઆરી, ૨૦૨૬ ના રોજ ડિસેમ્બરના અંતના સ્તરથી વધ્યો હતો. ગયા અઠવાડિયે સોનાના ભંડારના મૂલ્યમાં ઘટાડો થયો હતો, પરંતુ આ અઠવાડિયે તે ફરી વધ્યો છે. સોનાના ભંડારનું મૂલ્ય આ અઠવાડિયે ૪.૯૯ બિલિયન ડોલર વધીને ૧૨૮.૪૬૬ બિલિયન ડોલર થયું છે. ભારત-EU મુક્ત વેપાર કરાર અને વચગાળાના ભારત-યુએસ વેપાર કરાર પછી રોકાણકારોની ભાવનામાં પરિવર્તન પ્રતિબિંબિત કરીને વિદેશી પોર્ટફોલિયો રોકાણ અને ભારતીય રૂપિયો એકંદર સુધારા તરફી છે.

નોંધનીય છે કે વિદેશી ચલણ સંપત્તિ (એફસીએ) દેશના કુલ વિદેશી હૂંડિયામણ અનામતનો નોંધપાત્ર ભાગ છે. ડોલરમાં વ્યક્ત કરાયેલ, વિદેશી ચલણ સંપત્તિમાં યુરો, પાઉન્ડ અને યેન જેવા બિન-યુએસ ચલણોમાં વધઘટની અસરનો પણ સમાવેશ થાય છે.

# IDFC ફર્સ્ટ બેંકમાં ₹590 કરોડનું કૌભાંડ: કેટલાક કર્મચારીઓએ હરિયાણા સરકારના ખાતાઓમાં ગોટાળા કર્યા, 4 લોકો સસ્પેન્ડ

**ચંદીગઢ, તા.22**

IDFC ફર્સ્ટ બેંકની ચંદીગઢ ખાતેની એક શાખામાં લગભગ 590 કરોડ રૂપિયાની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. બેંકે પોતે શેરબજાર (BSE) ને આપેલી માહિતીમાં જણાવ્યું કે આ છેતરપિંડીમાં બેંકના જ કેટલાક કર્મચારીઓ સામેલ છે.





મામલો ત્યારે સામે આવ્યો જ્યારે હરિયાણા સરકારના એક વિભાગે બેંકને કેટલાક શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન અંગે માહિતી આપી. બેંકે હાલમાં આ મામલામાં સામેલ 4 શંકાસ્પદ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધા છે.

હરિયાણા સરકારના ખાતાઓમાં ગડબડી બેંકે જણાવ્યું કે પ્રારંભિક તપાસમાં આ વાત સામે આવી છે કે આ છેતરપિંડી ચંદીગઢની એક વિશેષ શાખામાં હરિયાણા સરકારના કેટલાક ખાતાઓ સાથે થઈ છે. બેંક અનુસાર, હજુ તે ખાતાઓના મેચિંગની પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં લગભગ 590 કરોડ રૂપિયાની રકમ સામેલ છે. બેંક હવે એ શોધવાનો પ્રયાસ કરી રહી છે કે આ ગડબડી ક્યારથી ચાલી રહી હતી.

બેંકને શંકા છે કે આ કૌભાંડમાં બેંક કર્મચારીઓ સાથે કેટલાક બાહ્ય લોકો અથવા એકમો પણ સામેલ હોઈ શકે છે.

બેંકે સ્પષ્ટ કર્યું છે કે તપાસ એજન્સીઓને સંપૂર્ણ સહયોગ આપવામાં આવશે જેથી આ છેતરપિંડીની યોગ્ય રીતે તપાસ થઈ શકે.

ગડબડી સામે આવ્યા પછી બેંકે તરત જ કાર્યવાહી કરતા 4 શંકાસ્પદ અધિકારીઓને તપાસ પૂરી ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરી દીધા છે. બેંકે કહ્યું છે કે તે દોષિત કર્મચારીઓ અને બાહ્ય લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરશે. આ સાથે જ, સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ માટે એક સ્વતંત્ર બાહ્ય એજન્સી દ્વારા 'ફોરેન્સિક ઓડિટ' કરાવવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.

આ ગંભીર મામલાને ધ્યાનમાં રાખીને બેંકની 'સ્પેશિયલ કમિટી ફોર મોનિટરિંગ ફ્રોડ્સ'ની બેઠક 20 ફેબ્રુઆરીના રોજ બોલાવવામાં આવી હતી. ત્યારબાદ 21 ફેબ્રુઆરીના રોજ બેંકની ઓડિટ કમિટી અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટિંગ યોજાઈ હતી, જેમાં આ છેતરપિંડીની જાણકારી આપવામાં આવી હતી.

IDFC ફર્સ્ટ બેંકે તે બેંકોને પણ 'રિકોલ રિક્વેસ્ટ' મોકલી છે, જેમના ખાતાઓમાં શંકાસ્પદ પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. બેંકે અન્ય બેંકોને તે 'શંકાસ્પદ ખાતાઓમાં' રહેલા બેલેન્સને હોલ્ડ કરવાની વિનંતી કરી છે, જેથી પૈસાની રિકવરી કરી શકાય. બેંકનું કહેવું છે કે નુકસાનનું સાચો અંદાજ તપાસ અને રિકવરીની પ્રક્રિયા પૂર્ણ થયા પછી જ થઈ શકશે.

## અનેક મહિલા અને બાળકોનું પણ અપહરણ કરાયુ

# નાઈજિરિયામાં હથિયારધારીઓએ 50 લોકોની હત્યા કરતા સનસનાટી મચી

**અબુજા, તા.22**

નાઈજીરિયાના ઉત્તર-પશ્ચિમ ઝામફારા રાજ્યમાં આવેલા ટુંગન દુત્સે(Tungan Dutse) ગામમાં સશસ્ત્ર હુમલાખોરોએ કરેલા ભયાનક હુમલામાં 50થી વધુ લોકોના મોત થયા છે. સ્થાનિક ધારાસભ્ય હમીસુ એ. ફારુના જણાવ્યા અનુસાર, આ હુમલો ગુરુવાર સાંજે 5 વાગ્યાથી શરૂ થઈને શુક્રવાર વહેલી સવારના 3:30 વાગ્યા સુધી સતત ચાલુ રહ્યો હતો. હુમલાખોરોએ ગામમાં ઘૂસીને



અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો અને અનેક મકાનોને આગ ચાંપી દીધી હતી. જીવ બચાવવા ભાગી રહેલા રહેવાસીઓ પર પણ હુમલાખોરોએ ગોળીઓ ચલાવી હતી. 150 મોટરસાઈકલ સવાર હુમલાખોરોનો આતંક આ આક્રમણ પહેલા ગ્રામજનોએ આશરે 150થી વધુ મોટરસાઈકલ પર સવાર હુમલાખોરોને જોયા હતા અને તે અંગે સુરક્ષા દળો તેમજ સ્થાનિક સત્તાધીશોને જાણ કરી હતી. જોકે, સ્થાનિકોનો આરોપ છે કે તેમની આ ગંભીર ચેતવણીને અવગણવામાં આવી હતી, જેના કારણે આટલી મોટી જાનહાનિ થઈ છે. આ હુમલામાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકોનું અપહરણ પણ કરવામાં આવ્યું છે, જેમની ચોક્કસ સંખ્યા જાણવા માટે સ્થાનિક પ્રશાસન હાલમાં તપાસ કરી રહ્યું છે. ગામના એક નિવાસી અબ્દુલ્લાહી સાનીએ પોતાની વ્યથા જણાવતા કહ્યું હતું કે, આ હુમલામાં તેણે પોતાના પરિવારના ત્રણ સભ્યો ગુમાવ્યા છે અને આખું ગામ હાલમાં શોક અને ભયમાં છે. નાઈજીરિયામાં 'બંદૂકધારી ડાકુઓ' દ્વારા કરવામાં આવતા આ પ્રકારના હુમલાઓ સતત વધી રહ્યા છે. ખંડણી માટે અપહરણ અને હત્યાની વધતી ઘટનાઓને રોકવા માટે સરકાર પર ભારે દબાણ છે.

## રસ્તા પર આગની જ્વાળીઓ ઉઠતા લોકો ભાગ્યા

# ચિલીની રાજધાનીમાં લિક્વિડ ગેસ લઈ જતી ટ્રક પલટી: 4નાં મોત, 17 ઘાયલ

**સેન્ટિયાગો, તા.22**

ચિલીની રાજધાની સેન્ટિયાગોમાં લિક્વિડ ગેસ લઈ જતી એક ટ્રક પલટી મારી જતાં તેમાં વિસ્ફોટ થયો. જેમાં ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા છે. સ્થાનિક પોલીસ અનુસાર ટ્રકના ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે આ અકસ્માત થયો. આ દુર્ઘટનામાં ચાર લોકોના મોત સિવાય અન્ય 17 લોકો ઘાયલ પણ થયા છે. મૃતકમાં ટ્રક ડ્રાઈવરનો પણ સમાવેશ થાય છે. પ્રોસીક્યુટર ઓફિસ અકસ્માત તરફ દોરી જનારા કારણોની તપાસ કરી રહી છે. આ ટ્રક સ્થાનિક ગેસ કંપની 'ગેસ્કો' (Gasco) સાથે સંકળાયેલી હતી. સોશિયલ મીડિયા પરના વીડિયોમાં વિસ્ફોટના સ્થળે આગની જ્વાળાઓ ઉછળતી



દેખાઈ રહી હતી. આ અકસ્માત ઉત્તરી સેન્ટિયાગોના રેન્કા કોમ્યુનમાં, એક મુખ્ય હાઈવે અને ઔદ્યોગિક વિસ્તારની નજીક થયો હતો. 50 જેટલા વાહનોને નુકસાન થયું ફાયર ફાઈટરોના જણાવ્યા અનુસાર, આ વિસ્ફોટ લગભગ 150થી 200 મીટરની ત્રિજ્યામાં અનુભવાયો હતો અને તેમાં ઓછામાં ઓછા 50 વાહનોને નુકસાન થયું હતું. રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિકે જણાવ્યું હતું કે વિસ્ફોટનો કેટલોક કાટમાળ ત્રણ વ્યાપારી એકમોમાં ઉડ્યો હતો.

## અકળાયેલા ચીને આકાશમાં ઉતારી પોતાની ફોર્સ

# અમેરિકન ફાઈટર જેટ ચીનના 'નો એન્ટ્રી ઝોન' માં ઘૂસ્યા...

**લંડન, તા.22**

આ સપ્તાહે કોરિયન દ્વીપકલ્પ પાસે આંતરરાષ્ટ્રીય જળસીમા ઉપર અમેરિકા અને ચીનના લડાકુ વિમાનો સામસામે આવી ગયા હતા. આ ક્ષેત્રમાં બંને મહાસત્તાઓ વચ્ચે આ પ્રકારનો ટકરાવ અત્યંત દુર્લભ માનવામાં આવે છે. યોનહાપ ન્યૂઝના અહેવાલ મુજબ, બુધવારે પ્યોંગટેક એરબેઝ પરથી લગભગ 10 અમેરિકન લડાકુ વિમાનોએ દક્ષિણ કોરિયાના પશ્ચિમ કિનારાથી દૂર આંતરરાષ્ટ્રીય જળસીમામાં લશ્કરી કવાયત માટે ઉડાન ભરી હતી. જોકે અમેરિકન વિમાનોએ ચીનના એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન (ADIZ) માં પ્રવેશ કર્યો ન હતો, પરંતુ જેવા તેઓ આ ક્ષેત્રની નજીક પહોંચ્યા કે તરત જ બેઈજિંગે જવાબમાં પોતાના લડાકુ વિમાનો તેમની પાછળ લગાવી



દીધા હતા. એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન (ADIZ) એ કોઈપણ દેશના સાર્વભૌમ હવાઈ ક્ષેત્રથી અલગ હોય છે. આ એવો વિસ્તાર છે જ્યાં દેશની સરહદની નજીક આવતા વિમાનોએ પોતાની ઓળખ સ્પષ્ટ કરવી પડે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. ચીનનો પક્ષ: ચીનના સરકારી અખબાર 'ગ્લોબલ ટાઈમ્સ' એ શુક્રવારે અજ્ઞાત સ્ત્રોતોને ટાંકીને જણાવ્યું હતું કે ચીની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) એ કાયદા અને નિયમો અનુસાર સમગ્ર પ્રક્રિયા દરમિયાન પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવા અને અસરકારક પ્રતિસાદ આપવા માટે તેની નૌકાદળ અને વાયુસેના તૈનાત કરી હતી. દક્ષિણ કોરિયામાં તૈનાત લગભગ 28,500 અમેરિકન સૈનિકોની કમાન સંભાળતા 'યુએસ ફોર્સિસ કોરિયા' એ આ અંગે તાત્કાલિક કોઈ નિવેદન જારી કર્યું નથી.

## ભારતીય સમુદ્રી સીમામાં સુરક્ષા એજન્સીઓની મોટી કાર્યવાહી

# પાકિસ્તાનની સરહદમાં છુપાયેલુ ઈરાનનું જહાજ ભારતીય કોસ્ટગાર્ડે ઝડપી પાડ્યું

**તહેરાન, તા.22**

ભારતીય સમુદ્રી સીમામાં સુરક્ષા એજન્સીઓએ એક મોટી કાર્યવાહી કરી છે, જેમાં ઈરાન સાથે જોડાયેલા ત્રણ તેલ ટેન્કરોને જપ્ત કરવામાં આવ્યા છે. આ સમગ્ર મામલામાં હવે એક ચોંકાવનારો ખુલાસો થયો છે કે જપ્ત કરાયેલા જહાજો પૈકીનું એક 'એસ્ફાલ્ટ સ્ટાર' ઘણા દિવસો સુધી પાકિસ્તાની સમુદ્રી ક્ષેત્રમાં શંકાસ્પદ રીતે ફરતું હતું અને તે દરમિયાન તેની ટ્રેકિંગ સિસ્ટમ પણ બંધ રાખવામાં આવી હતી. ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા કરવામાં આવેલી આ તપાસમાં તેલની તસ્કરી



અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓના ગંભીર આરોપો સામે આવ્યા છે. ભારતીય કોસ્ટગાર્ડે 6 ફેબ્રુઆરીના રોજ પશ્ચિમી તટ પરથી ત્રણ પ્રતિબંધિત જહાજો – MT Asphalt Star, MT Stellar Ruby અને MT Al Jafziaને પકડી પાડ્યા હતા. આ જહાજો પર સવાર 55 ક્રૂ મેમ્બર્સની અટકાયત કરી તપાસ માટે તેમને મુંબઈ લાવવામાં આવ્યા છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ જહાજોએ ઈરાન સાથે જોડાયેલા તેલની હેરાફેરી માટે 'AIS સ્પૂફિંગ' (ખોટી લોકેશન બતાવવી) અને નકલી ઓળખનો ઉપયોગ કર્યો હતો. મુંબઈના યેલો ગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR મુજબ, આ જહાજોના માલિક અબુ ધાબીમાં રહેતા ભારતીય નાગરિક જોગીન્દર સિંહ બરાર છે. હાલમાં જહાજના કેપ્ટન શ્યામ બહાદુર ચૌહાણ સહિત અન્ય લોકોની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં સૌથી મોટો ઘટસ્ફોટ એ થયો છે કે 'એસ્ફાલ્ટ સ્ટાર' જહાજ 20 જાન્યુઆરીથી 28 જાન્યુઆરી સુધી પાકિસ્તાનના વિશેષ આર્થિક ક્ષેત્ર(EEZ)માં પ્રવેશ્યું હતું.

# સોલામાં ₹25 લાખની ઉચાપત, બે કેશિયરો વિરુદ્ધ પોલીસ ફરિયાદ

**અમદાવાદ, તા.22**

અમદાવાદના સોલા વિસ્તારમાં આવેલા એક સ્ટોરમાં કેશિયરે લાખો રૂપિયાની ઉચાપત કર્યાની ઘટના સામે આવી છે. અહીં સુકુતિ ગૃહ ઉદ્યોગ અને ગોરમે નામના સ્ટોરના કેશિયર તરીકે કામ કરતાં બે કર્મીએ હિસાબમાં ગડબડ કરીને કુલ રૂપિયા 25,19,972ની ઉચાપત કરી છે. આ ઘટના અંગે મેનેજરે પોલીસ ફરિયાદ નોંધાવી છે. મહત્વનું છે કે, ડિસેમ્બર 2024થી 31-10-2025 સુધી થયેલી આ ઉચાપત અંગે ગત 3-11-2025 રોજ મેનેજર દ્વારા તપાસ કરતા જાણ થયા બાદ 21-2-2026ના રોજ પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

આ ઘટના અંગે ઘાટલોડિયામાં રહેતા 28 વર્ષીય જયમીનભાઈ શાહ નામના શખ્સે સ્ટોરમાં થયેલી લાખો રૂપિયાની ઉચાપત અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમના જણાવ્યું છે કે, સુકુતિ ગૃહ ઉદ્યોગ અને ગોરમે નામના સ્ટોરમાં નિર્ભયસિંહ અને કેશવ ગોયલ નામના બે કેશિયર દ્વારા ડિસેમ્બર 2024 થી 31-10-2025 સુધી ઓપનિંગ સ્ટોક, ખરીદ બાદ વેચાણ સ્ટોક, બીજા સ્ટોરમાં કરવામાં આવતા ઈન્ટરનલ ટ્રાન્સફર, હાલનો કરંટ સ્ટોકનો હિસાબ, ખરીદ વેચાણ અને નફા નુકસાનના 24,48,972 રૂપિયા અને કસ્ટમરના રોકડ હિસાબના 71,000 રૂપિયા એમ કુલ 25,19,972 રૂપિયાની ઉચાપત કરી છે.




આ ઘટના અંગે મળતી માહિતી મુજબ, સુપર સેન્ટર રીટેલ હબ પ્રા. લી કંપનીમાં એકાઉન્ટ અને એડમીન હેડ મેનેજર જયમીનભાઈ શાહ ગઈ તારીખ 01-11-2025ના રોજ સુકુતિ ગ્રુહ ઉધોગ એન્ડ ગોરમે સ્ટોર ખાતે વાર્ષિક સ્ટોક ચેક કરવા ગયેલ હતા. તારીખ 3-11-2025એ સ્ટોક ચેક કરતા ડીસેમ્બર 2024થી તારીખ 31-10-2025 સુધીમાં કંપનીએ સ્ટોરમાં આવેલ ઓપનીંગ સ્ટોક તથા ખરીદી બાદ કરતા વેચાણ સ્ટોક તેમજ બીજા સ્ટોર પર કરવામાં આવતા ઈન્ટરનલ ટ્રાંન્સફર તથા હાલનો કરન્ટ સ્ટૉકનો હિસાબ કરી ખરીદ વેચાણ તેમજ નફા નુકશાન જોતા સ્ટોરમાં રૂપિયા 24,48,972નો સ્ટોક ઓછો હોવાનું જાણવા મળ્યું હતું.

આ પછી સ્ટોરના CCTV કેમેરા ફુટેજ ચેક કરતા કેસ કાઉન્ટર પર નોકરી કરતા બન્ને કેશીયરમાંથી મૂળ રાજસ્થાનના ચાંદલોડીયામાં રહેતા નિર્ભયસિંહ ઉર્ફે નરેન્દ્ર અને જનતાનગરમાં રહેતા કેશવ ગોયલે ભેગા મળી સ્ટોરમાં આવેલા ગ્રાહકોને વેચાણ આપેલ માલ સામાનનું બીલ ગ્રાહકોને વાતોમાં રાખી આપતા નહી કે બીલ પંચ કરતા નહીં હોવાનુ જાણવા મળ્યું હતું.

આ પછી સ્ટોરબંધ કર્યા બાદ આખા દિવસમાં સ્ટોરમાં થયેલ માલ-સામાન હિસાબમાંથી બીલ વગર વેચાણ આપી કેશ પોતાની પાસે રાખી લેતા હતા. આ ઉપરાંત આ બન્નેએ સ્ટોરમાં ગ્રાહકોએ ખરીદ કરેલી વસ્તુના આવેલ રોકડ રકમના રૂપિયા 71,000ની પણ ઉચાપત કરી હોવાનું CCTVમાં કેદ થઈ હતી. આ પછી સ્ટોરનો માલ સામાન અને ઈન્ટરનલ તપાસ કરતા રુપિયા 24,48,972 અને બીજા રોકડા રૂપિયા 71,000 સહિત કુલ રૂપિયા 25,19,972ની બન્નેએ સ્ટોરમાંથી માલ સામાન અને કેસની ઉચાપત કરેલ હોવાનું સામે આવતા પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# ચોરીના આરોપમાં યુવકને લાકડીથી ઢોર માર, વીડિયો વાઈરલ થતાં પોલીસે તપાસ શરૂ કરી

**અમદાવાદ, તા.22**

એક યુવકને લાકડી અને દંડાથી ઢોર માર મારતો હોય એવો વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો છે. આ વીડિયો અમદાવાદના નારોલના પીપળજ ગામનો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેમાં એક ઈસમ હાથમાં લાકડીને લઈને બેફામ રીતે કથિત ચોરીના દાવા સાથે એક યુવકને નિર્દયતાથી માર મારી રહ્યો છે, બચવા માટે યુવક 'એ ભાઈ, એ ચેતનભાઈ જાને દો, જાને દો'ની બૂમ પાડી રહ્યો હતો. મહત્ત્વનું છે કે, આ વીડિયો વાઈરલ થતાં પોલીસે તપાસ હાથ ધરી છે.



મળતી માહિતી મુજબ, આ ઘટના નારોલના પીપળજ ગામમાં બની હતી. માર ખાનાર યુવક પર ટાયર સહિતની અન્ય ચીજવસ્તુઓની ચોરી કરી હોવાનો આક્ષેપ લગાવવામાં આવ્યો હતો. તે પછી કેટલાક લોકોએ કાયદો હાથમાં લઈને યુવકને લાકડીના દંડા વડે જાહેરમાં ઢોર માર માર્યો હતો.

આ વીડિયોના આધારે અમદાવાદ પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રાથમિક અનુમાન મુજબ, આ વીડિયો આશરે એક મહિનો જૂનો હોવાનું માનવામાં આવે છે. જો કે, આ વીડિયોની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી, પરંતુ પોલીસે વીડિયોમાં દેખાતા લોકોની ઓળખ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

# આઈસક્રીમના કેરેટની આડમાં ચાલતી દારૂની હેરફેર ઝડપાઈ, લાખનો મુદ્દામાલ સાથે 3ની ધરપકડ...




**અમદાવાદ, તા.22**

અમદાવાદા ક્રાઈમ બ્રાન્ચે શનિવારે (21મી ફેબ્રુઆરી) રાત્રે એસ.પી.રિંગ રોડ પરથી દારૂની મોટી હેરફેર ઝડપી પાડી છે. એક ટ્રકમાંથી આઈસક્રિમના ખાલી પ્લાસ્ટિકની આડમાં વિદેશી દારૂના જથ્થા સહિત 12.19 લાખ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આ સાથે જ ક્રાઈમ બ્રાન્ચે 3 આરોપીઓની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીને આધારે એસ.પી. રિંગ રોડ પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન નાના ચિલોડા સર્કલ પાસે એક ટ્રકની તપાસ કરી હતી. જેમાંથી આઈસક્રીમના ખાલી કેરેટોની આડમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં દારૂ ભરેલી 145 બોટલ, બિયર 360 નંગ સહિત કુલ 12,19,060 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

મહત્ત્વનું છે કે, આ કાર્યવાહી દરમિયાન મૂળ રાજસ્થાનના દેવગઢના અને અત્યારે અમદાવાદના ઠક્કરનગરમાં રહેતા 21 વર્ષીય જવાનસિંઘ ઉર્ફે નેનાસિંઘ રાવત, રાજસ્થાનના પાલરા ગામના રહેવાસી 30 વર્ષીય કાનસિંઘ રાવત અને રાજસ્થાનના સાંગાવાસના રહેવાસી 22 વર્ષીય પ્રેમકુમાર ભાંડની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાત ભાજપના ધારાસભ્યો-સાંસદોને રાષ્ટ્રીય અધ્યક્ષની ટકોર, ઘરે બેસીને નહીં લોકો વચ્ચે જઈને કામ કરો....

**અમદાવાદ, તા.22**

ગુજરાતની ત્રણ દિવસીય મુલાકાતે આવેલાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને ભાજપના નેતાઓનો રીતસર ઉધડો લીધો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુંકે, 'રાજનીતિ એ મેરેથોન છે. કોઈ શોર્ટ કટ નથી. માત્રને માત્ર હોદ્દા માટે પક્ષમાં આવશો નહીં. પદ હોય કે નહીં, પક્ષ માટે કામ કરો. પોતાના જિલ્લામાં તમે જ પક્ષ બની બેસો. એ ન ચાલે. તમારા જ માણસોને સેટ કરી દેવાના. આ નીતિ પક્ષ માટે યોગ્ય નથી.'

ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને કમલમ ખાતે પ્રદેશ નેતા, શહેર પ્રમુખો ઉપરાંત અન્ય પદાધિકારીઓ સાથે મહત્ત્વપૂર્ણ બેઠક યોજી હતી જેમાં તેમણે પ્રભારીઓની કામગીરીને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. નીતિન નબીને સ્પષ્ટ શબ્દોમાં કહ્યુંકે, 'તમે પ્રભારી જિલ્લામાં જઈને ન્યાયની વાત કરો છો. એ જ જિલ્લામાં તમારા માણસો સેટ કરી દો છો.



તમે પોતે જ જાણે પક્ષ બની બેસો છો. આ નીતિ યોગ્ય નથી.'

નીતિન નબીને માર્ગદર્શન આપ્યું કે, 'ભાજપના પ્રતિનિધિની સમાજ પર સજ્જડ પકડ હોવી જોઈએ. આવુ હશે તો, લાભ પક્ષને મળશે. તમે જે પદ પર છો તેનાથી બે ડગલાં નીચે ઉતરીને કામગીરી કરો તો ધાર્યુ પરિણામ મળી રહેશે.' આ ઉપરાંત તેમણે પદાધિકારીઓને પોતાની છબી સકારાત્મક રાખવા પણ સલાહ આપી હતી. ધારાસભ્ય-સાંસદો સાથેની બેઠકમાં પણ નીતિન નબીને ખાસ ટકોર કરીકે, ઘેર બેઠાં કાર્યાલય ચલાવશો નહીં. જમીન પર ઉતરો, લોકો વચ્ચે જાઓ અને જનસંપર્કને વધુને વધુ ઘનિષ્ઠ બનાવો.

આગામી વર્ષમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે તેમણે તાકીદ કરીકે, લોકપયોગી યોજનાઓ લોકો સુધી પહોચાડો. આ ઉપરાંત બુથ લેવલના આંકડાઓ એકત્ર કરો. તેમણે એ વાતનો પણ ખાસ ઉલ્લેખ કર્યો કે,આજના જમાનામાં સોશિયલ મિડીયાનું મહત્ત્વ વધી રહ્યું છે ત્યારે ગુજરાતમાં ચૂંટાયેલી પાંખનું સોશિયલ મીડીયા નેટવર્ક નબળું રહ્યું છે. નીતિન નબીને સોશિયલ મીડિયા પર સક્રિય રહેવા પ્રદેશ નેતાઓથી માંડીને અન્ય પદાધિકારીઓને ટકોર કરી હતી. ગુજરાત આવેલાં રાષ્ટ્રીય અધ્યક્ષની નારાજગી ભાજપમાં ચર્ચાનો વિષય બની રહી છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન કમલમમાં પદાધિકારીઓને સોશિયલ મીડિયામાં સક્રિય રહેવા ટકોર કરી હતી. એટલુ જ નહીં, તેમણે સવાલ કર્યોકે, ગઈકાલે AI સમિટમાં કોંગ્રેસે વિરોધ કર્યો હતો જે મુદ્દે કેટલાં લોકોએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી હતી? આ સાંભળી હોલમાં માત્ર ગણ્યાં ગાંઠ્યાં લોકોએ જ હાથ ઉંચા કર્યા હતાં. જે જોઈએને અધ્યક્ષે કહ્યું કે, 'જો જવાબદાર લોકોમાંથી માત્ર આટલાં જ લોકો સક્રિય હોય તો, ભાજપનું સંગઠન કેવી રીતે ચાલશે?'

# મહીસાગર પોલીસ ફરી વિવાદમાં, PSIએ સરપંચના પતિને લાફો મારતા પાંડરવાડામાં જનાક્રોશ.....



**મહીસાગર, તા.22**

મહીસાગર જિલ્લામાં પોલીસ અને જનતા વચ્ચેનો ગજગ્રાહ અટકવાનું નામ નથી લઈ રહ્યો. બાલાસિનોરની ઘટના બાદ હવે પાંડરવાડા ગામે પોલીસની દાદાગીરી સામે આવતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પીએસઆઈ દ્વારા મહિલા સરપંચના પતિને જાહેરમાં લાફો મારી અપશબ્દો બોલતા મામલો ગરમાયો છે, જેના વિરોધમાં ગ્રામજનોએ મુખ્ય માર્ગ પર ચક્કાજામ કરી દીધો છે.

મળતી માહિતી મુજબ, પાંડરવાડા ગામના મહિલા સરપંચના પતિ શૈલેષ ડામોર સાથે પીએસઆઈ મકવાણાએ ગેરવર્તણૂક કરી હતી. પીએસઆઈએ જાહેરમાં શૈલેષભાઈને લાફો ઝીંકી દીધો હોવાના અને અપશબ્દો બોલ્યા હોવાના આક્ષેપ સાથે ગ્રામજનો રસ્તા પર ઉતરી આવ્યા હતા. ઘટનાના વિરોધમાં ઉશ્કેરાયેલા ગ્રામજનોએ બાબલિયા-રાજસ્થાનને જોડતો મુખ્ય માર્ગ બંધ કરી દીધો હતો. રસ્તા વચ્ચે બાઈક અને કારની આડાશ મૂકીને ગ્રામજનો ધરણા પર બેસી ગયા હતા. હાઈવે બંધ થવાને કારણે વાહનોની લાંબી કતારો લાગી હતી અને સેંકડો મુસાફરો અટવાઈ પડ્યા હતા.

ભોગ બનનાર શૈલેષ ડામોર અને ગ્રામજનો એક જ વાત પર અડગ છે કે, જ્યાં સુધી પીએસઆઈ મકવાણા જાહેરમાં આવીને માફી નહીં માંગે, ત્યાં સુધી આંદોલન અને ચક્કાજામ ચાલુ રહેશે. છેલ્લા કેટલાક સમયથી મહીસાગર પોલીસ સતત વિવાદોના ઘેરામાં છે. અગાઉ બાલાસિનોર એક સગીરને ઢોર માર મારવાની ઘટનાથી ભારે જનાક્રોશ ફાટી નીકળ્યો હતો. પાંડરવાડામાં જ એક વ્યક્તિને સીટ બેલ્ટ ન બાંધવા બાબતે માર માર્યાના ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. હવે લોકપ્રતિનિધિ (સરપંચ)ના પતિ સાથેની આ ગેરવર્તણૂકે પોલીસની છબી પર ફરી સવાલો ઊભા કર્યા છે.

# અમદાવાદ એરપોર્ટ પર પેટમાં સોનાની કેપ્સ્યૂલ છુપાવીને લાવનાર યુવક ઝડપાયો, અધિકારીઓ ચોંક્યા

**અમદાવાદ, તા.22**

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સોનાની દાણચોરીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) એ અબુ ધાબીથી આવેલા એક ભારતીય મુસાફરના પેટમાંથી લાખોની કિંમતનું સોનું ઝડપી પાડીને સ્મગલિંગના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે.

ઘટનાની વિગતો મુજબ, 19 ફેબ્રુઆરીના રોજ અબુ ધાબીથી એર અરેબિયાની ફ્લાઈટ (નંબર 3L 111) દ્વારા અમદાવાદ ઉતરેલા 'શાહરુખ' નામના મુસાફર પર કસ્ટમ્સને શંકા ગઈ હતી. 'APIS પ્રોફાઈલિંગ' દ્વારા મળેલી ચોક્કસ બાતમીના આધારે અધિકારીઓએ તેને અટકાવી પૂછપરછ શરૂ કરી હતી. શરૂઆતમાં ગલ્લાતલ્લા કર્યા બાદ, કડક પૂછપરછ સામે મુસાફરે કબૂલાત કરી હતી કે તેણે પોતાના શરીરમાં સોનાની કેપ્સ્યુલ્સ ગળીને છુપાવી છે.

આરોપીની કબૂલાત બાદ કસ્ટમ્સ વિભાગે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ પાસેથી જરૂરી મંજૂરી મેળવી હતી. ત્યારબાદ મુસાફરને તાત્કાલિક અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. મેડિકલ તપાસ અને એક્સ-રે રિપોર્ટમાં તેના પેટમાં શંકાસ્પદ વસ્તુઓ હોવાની પુષ્ટિ થઈ હતી. ડોક્ટરોની દેખરેખ હેઠળ મુસાફરના શરીરમાંથી કુલ 4 શંકાસ્પદ ગોળાઓ બહાર કાઢવામાં આવ્યા હતા.



સરકારી મૂલ્યાંકનકાર દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું કે, રિકવર કરાયેલી વસ્તુઓમાંથી 3 પીળા રંગની નળાકાર કેપ્સ્યુલ્સમાં 24 કેરેટ શુદ્ધ સોનું હતું, જેનું કુલ વજન 135.200 ગ્રામ નોંધાયું છે. જ્યારે ચોથી વસ્તુ લોખંડનો ગોળો હોવાનું બહાર આવ્યું હતું. જપ્ત કરાયેલા આ સોનાની બજાર કિંમત અંદાજે રૂ. 21,89,564/- આંકવામાં આવી છે.

કસ્ટમ્સ એક્ટ, 1962ની વિવિધ કલમો હેઠળ આ સોનું જપ્ત કરી લેવામાં આવ્યું છે. મુસાફર શાહરુખની ધરપકડ કરવામાં આવી છે અને આ દાણચોરી પાછળ અન્ય કોઈ મોટી ગેંગ સંકળાયેલી છે કે કેમ તે અંગે એર ઈન્ટેલિજન્સ યુનિટ વધુ તપાસ ચલાવી રહ્યું છે. એરપોર્ટ પર સુરક્ષા અને ચેકિંગ કડક હોવા છતાં, દાણચોરો દ્વારા અપનાવવામાં આવતી આવી જીવલેણ પદ્ધતિઓએ સુરક્ષા એજન્સીઓને પણ ચોંકાવી દીધી છે.

# અમદાવાદના બહેરામપુરામાં ખૂની ખેલ, 19 વર્ષના યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા, 2 ઝડપાયા

**અમદાવાદ, તા.22**

અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કરતી એક સનસનીખેજ ઘટના સામે આવી છે. અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં શનિવાર (21મી ફેબ્રુઆરી)ની રાત્રે નજીવી બાબતે કે અન્ય કોઈ અદાવતમાં એક 19 વર્ષીય યુવાનની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી દેવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ કેસનો કોયડો ગણતરીના કલાકમાં જ ઉકેલી નાખ્યો હતો. ઠંડા કલેજે હત્યા કરનારા અને કાવતરું ઘડનારા બે શખસની પોલીસે ધરપકડ કરી લીધી છે.



મળતી માહિતી અનુસાર, આ લોહિયાળ ઘટના શનિવારે રાત્રે અંદાજે 10:00 વાગ્યાના અરસામાં બની હતી. બહેરામપુરા વિસ્તારમાં રહેતા 19 વર્ષીય હિમેશ પરમાર પર અજાણ્યા શખસોએ છરી વડે આડેધડ હુમલો કર્યો હતો. હુમલાખોરો હિમેશને લોહીલુહાણ હાલતમાં મૂકી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા યુવાનનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ કાગડાપીઠ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થિતિનો તાગ મેળવી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. મૃતક હિમેશ પરમારના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, 19 વર્ષીય ગૌતમ ઉર્ફે ઈન્ડો સોલંકી અને 17 વર્ષીય રાજુ ભાઈ (નામ બદલ્યું છે) નામના બે શખસે કાવતરું રચી 19 વર્ષીય હિમેશ પરમારની હત્યા કરી હતી. ઝઘડાની શરૂઆત ત્યારે થઈ જ્યારે હિમેશ પરમારે આરોપીઓને તેના ઘરના ઓટલા પર બેસવા અથવા મોટેથી વાતો ન કરવા વારંવાર ચેતવણી આપી હતી. આ વાતનો ખાર રાખીને આરોપીઓએ તેની હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતું. મુખ્ય આરોપીએ હત્યા કરવાના ઈરાદે ખાસ ચોટીલામાં જઈને છરો ખરીદ્યો હતો. આ ઘટનાની જાણ થતા જ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગણતરીના કલાકોમાં જ સગીર અને તેના સાથીદારને પકડી લીધા હતા, જેથી તેઓ કાયદાથી ભાગી ન શકે. અત્યારે તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.


**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599



